CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમૂહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૭૯ મહા સુદ-૨   સોમવાર, તા.૨૩-૦૧-૨૦૨૩   અંક : ૧૪૧ વર્ષ : ૨૦   e-mail : sauaajtak@gmail.com   કિંમત રૂ. ૨-૫૦   પાના - ૮

# ભારતીય મેન્સ હોકી ટીમનો ન્યુઝીલેન્ડ સામે પરાજય

## અનેકવાર વર્લ્ડકપમાં ટીમ ઈન્ડિયાનું સ્વપ્ન ચકનાચૂર



નવીદિલ્હી,

ટીમ ઈન્ડિયા હોકી વર્લ્ડકપ ૨૦૨૩ માંથી બહાર થઈ ચૂકી છે. જણાવી દઈએ કે રવિવારે ૨૨ જાન્યુઆરીના રોજ ભુવનેશ્વર સ્ટેડિયમમાં રમાયેલ ક્રોસઓવર મેચમાં ભારતને ન્યુઝીલેન્ડના હાથે શૂટઆઉટમાં ૪-૫થી હારનો સામનો કરવો પડ્યો હતો આ સાથે જ ટીમ ઈન્ડિયાનું વર્લ્ડ કપ જીતવાનું સપનું આ વર્ષ પણ સપનું જ રહી ગયું હતું. નોંધનીય છે કે ભારતે વર્ષ ૧૯૭૫માં છેલ્લી અને એકમાત્ર વખત હોકી વર્લ્ડ કપ પર કબજો કર્યો હતો. એવામાં જો જોવામાં આવે તો ન્યૂઝીલેન્ડ હંમેશા મોટી ટૂર્નામેન્ટમાં ભારતને માત આપતું આવ્યું છે..

ક્રિકેટ હોય કે હોકી ટીમ ઈન્ડિયા મહત્વની મેચોમાં ન્યૂઝીલેન્ડ સામે ઘણી વખત હાર્યું છે. એવામાં ઈંગ્લેન્ડમાં રમાયેલ ૨૦૧૯ નું વર્લ્ડ કપ કોણ ભૂલી શકે? જૂની મેચને યાદ કરીએ તો વિરાટ કોહલીની કેપ્ટનશિપમાં ટીમ ઈન્ડિયાએ શાનદાર રમત રમી રહી હતી અને ટીમે વર્લ્ડ કપની સેમીફાઈનલમાં જગ્યા બનાવી હતી. એ સમયે સેમીફાઈનલમાં ભારતનો મુકાબલો ન્યુઝીલેન્ડ સાથે થયો હતો અને માન્ચેસ્ટરમાં રમાયેલી સેમિફાઇનલ મેચમાં ન્યુઝીલેન્ડે ભારતને ૧૮ રનથી હરાવી હતી.

# જોશીમઠમાં નવું શહેર વસાવવા તૈયારી શરુ

## ચમોલી તંત્રની ટીમે ઢાક ગામમાં નિરીક્ષણ કર્યુ : જોશીમઠના પીડિતો એક સાથે માગી રહ્યા છે વળતર



દહેરાદૂન, તા.૨૨

ઉત્તરાખંડના જોશીમઠમાં જમીન બેસી જવાના કારણે લોકો બેઘર થઈ રહ્યા છે અને શહેરને નવેસરથી વસાવવા માટે ચમોલી તંત્ર અને સરકાર દ્વારા જમીનોનું નિરીક્ષણ થઈ રહ્યું છે. જિલ્લાધિકારી ચોમોલીના હિમાંશુ ખુરાનાએ તંત્રની ટીમની સાથે ગ્રામ પંચાયત ઢાક નક્કી કર્યુ છે. અહીં જમીનનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. જિલ્લાધિકારી હિમાંશુ ખુરાનાનું કહેવું છે કે, જોશીમઠની સુરક્ષા, પુર્નવસન, વિસ્થાનને લઈને કમિટીની સાથે બેઠક થઈ હતી. કમિટીએ કેટલાંક સૂચનો આપ્યા છે. જે હેઠળ દસ્તાવેજ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. સાથે જ પ્રભાવિતો, જનપ્રતિનિધિઓ પાસેથી તેમની સલાહો પણ મંગાવવામાં આવી રહી છે. તેઓએ તંત્રની ટીમને આદેશ કર્યો છે કે ઢાક ગામમાં ઉપલબ્ધ જમીનનો કંટૂર મેપ જલ્દી ઉપલબ્ધ કરાવવામાં આવે. જેથી કરીને કામ ઝડપથી આગળ વધી શકે અને સહયોગ મળી શકે. અસરગ્રસ્ત લોકોની સલાહો લઈને સીબીઆરઆઈથી વિસ્થાપન માટે વિસ્તૃત પ્લાન પણ જલ્દી તૈયાર કરવામાં આવશે.

જોશીમઠનું પુર્નવસન હાલના સમયમાં સરકાર માટે મોટો પડકાર બની ગયો છે. જો કે, સરકાર અને સ્થાનિક તંત્ર હાલ જમીનોના નિરીક્ષણમાં વ્યસ્ત છે. એના માટે સરકાર હજુ સુધી દસ્તાવેજો પણ તૈયાર કરી શકી નથી. સાથે જ વળતર માટે અસરગ્રસ્તોનો પણ એક મત નથી. કેટલાંક અસરગ્રસ્તો વન ટાઈમ સેટલમેન્ટ માગી રહ્યા છે. તેઓ ઈચ્છે છે કે બદ્રીનાથની જેમ તેમને વળતર આપવામાં આવે. તો કેટલાંક લોકો તો અહીંથી જવા પણ માગતા નથી. અસરગ્રસ્તોનું કહેવું છે કે, છેલ્લાં શ્વાસ સુધી જોશીમઠ નહીં છોડીએ. આ જમીન પર જન્મ્યા અને મોટા થયા છીએ તો પછી બીજે જઈને કેમ રહીએ. તેઓ ઈચ્છે ચે કે સરકાર જોશીમઠનું સ્થાયી ટ્રીટમેન્ટ કરે અને માસ્ટર પ્લાન હેઠળ અસરગ્રસ્તોને મકાન બનાવીને આપે. જમીન બેસી જવાના કારણે તે નુકસાન થઈ રહ્યું છે તેનું વળતર આપવામાં આવે છે.

# હવે દરેક સ્થાનિક ભાષામાં થશે સુપ્રીમ કોર્ટનો નિર્ણય

## જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે જ્યાં સુધી આપણે લોકોની ભાષામાં તેમનો સંપર્ક નહીં કરીએ તો મોટાભાગના લોકો તેનાથી બચી જશે



નવી દિલ્હી, તા.૨૨

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડીવાય ચંદ્રચૂડે એક કાર્યક્રમને સંબોધિત કરતા કહ્યું કે ન્યાયપાલિકાને ભાષાકીય સ્તર પર કામ કરવાની જરૂર છે. તેમને કહ્યું કે જે લોકો માટે તે કામ કરી રહ્યા છે, તે લોકો સુધી પહોંચવા માટે તેમને તેમની જ ભાષામાં જાણકારી આપવી પડશે.

જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે જ્યાં સુધી આપણે લોકોની ભાષામાં તેમનો સંપર્ક નહીં કરીએ તો મોટાભાગના લોકો તેનાથી બચી જશે. આ સ્ટેટમેન્ટનો વીડિયો શેયર કરતા વડાપ્રધાન મોદીએ પણ કહ્યું છે કે આવું થયું તો ઘણા લોકોને મદદ મળશે. ઝત્નૈં ડીવાય ચંદ્રચૂડે એક કાર્યક્રમને સંબોધિત કરતા કહ્યું કે અમારો આગામી ઉદ્દેશ્ય સુપ્રીમ કોર્ટના જજમેન્ટની કોપીઓને દરેક ભારતીય ભાષામાં તેમના સુધી પહોંચાડવાનો છે. આ દરમિયાન, માહિતી લોકો સુધી ન પહોંચવા અને ભાષાના અવરોધ અંગે ચિંતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે જ્યાં સુધી આપણે નાગરિકો સાથે તેમની ભાષામાં વાત નહીં કરીએ, ત્યાં સુધી અમે જે કરી રહ્યા છીએ તે ૯૯ ટકા લોકો સુધી પહોંચશે નહીં.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝત્નૈંના આ વીડિયોને શેયર કરતા લખ્યું છે કે આ ખુબ જ પ્રશંસનીય વિચાર છે. વડાપ્રધાને ટ્વીટમાં લખ્યું 'તાજેત્તરમાં જ એક કાર્યક્રમમાં માનનીય ઝત્નૈં જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે સુપ્રીમ કોર્ટના જજમેન્ટ્સને સ્થાનિક ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવાની જરૂર છે. તેમને તેના માટે ટેક્લોનોજીના ઉપયોગની વાત કરી છે. આ ખુબ જ પ્રશંસનીય વિચાર છે, તેનાથી ઘણા લોકોને મદદ મળશે, ખાસ કરીને યુવાનોને ઘણી મદદ મળશે.'વડાપ્રધાન મોદીએ આ સંબંધિત બીજુ ટ્વીટ કર્યુ છે. તેમને બીજા ટ્વીટમાં લખ્યું કે 'ભારતમાં એવી ઘણી ભાષાઓ છે જે આપણી સાંસ્કૃતિક જીવંતતામાં વધારો કરે છે. કેન્દ્ર સરાકર પણ દેશમાં સ્થાનિક ભાષાઓને વ્યાપ વધારવા માટે ઘણા મહત્વના પગલાં લઈ રહી છે. ક્ષેત્રીય ભાષાઓમાં વિદ્યાર્થીઓને વિષય પણ ઉપલબ્ધ કરાવવાની કવાયત ચાલી રહી છે. જેમાં એન્જિનિયરિંગ અને મેડિસિન જેવા વિષય સામેલ છે, જે માતૃભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે.'

### કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

# ૩૮ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાતો લોટ થશે સસ્તો

## દેશમાં લોટમાં ૪થી ૫ રૂપિયા પ્રતિ કિલોનો વધારો નોંધાયો છે : કેન્દ્ર સરકાર આ બાબતે ગંભીર છે

મુંબઈ, તા.૨૨

દેશમાં ફળો, શાકભાજી, ખાદ્યતેલ, પેટ્રોલિયમ તેલ, ખાદ્યતેલની વધતી કિંમતો રાષ્ટ્રીય મુદ્દો બની ગયો છે. કેન્દ્ર સરકાર પણ તેમના ભાવને લઈને ગંભીર છે. થોડા સમય પહેલા દેશમાં ઘઉંના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. તેની અસર લોટના ભાવ પર પણ પડી હતી. લોટના ભાવ વધતાની સાથે જ કેન્દ્ર સરકારનું ટેન્શન વધવા લાગે છે. હવે તેના નિયંત્રાણ માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. દેશમાં ગત સિઝનમાં ગરમીના કારણે ઘઉંના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. તો યુક્રેન-રશિયા યુદ્ધની અસર પણ ઘઉંના ભાવ પર પડી હતી. ઓછા સ્થાનિક વપરાશને કારણે ઘઉંના ભાવમાં વધારો થતો ગયો છે. હવે એવી સ્થિતિ છે કે દેશમાં લોટ રૂ.૩૮ પ્રતિ કિલો સુધી વેચાઈ રહ્યો છે. લોટમાં ૪થી ૫ રૂપિયા પ્રતિ કિલોનો વધારો નોંધાયો છે. કેન્દ્ર સરકાર આ બાબતે ગંભીર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફૂડ સેક્રેટરી સંજીવ ચોપરાને ઘઉં અને લોટની કિંમતમાં વધારાને લઈને સવાલ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે ઘઉં અને લોટના છૂટક ભાવમાં વધારો જોવા મળ્યો છે. વધતી કિંમતોને કાબૂમાં લેવા માટે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં પગલાં લેશે. ઘઉં અને લોટની કિંમતો પર કેન્દ્ર સરકારના સ્તરેથી નિયમિતપણે નજર રાખવામાં આવી રહી છે કે ભાવ કેવી રીતે ઘટાડી શકાય? આ અંગે પણ ટોચના નેતૃત્વ અને નિષ્ણાતો સાથે ચર્ચા ચાલી રહી છે. તેમણે કહ્યું કે મંત્રાલયના સ્તરેથી વધેલી કિંમતોને નિયંત્રિત કરવા માટે પગલાં લેવામાં આવશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સેક્રેટરીએ કહ્યું કે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (હ્લઝ્રૈં) પાસે ઘઉં અને ચોખાનો પૂરતો સ્ટોક છે. કેન્દ્ર સરકારે ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનું પગલું ભર્યું હતું કારણ કે સ્થાનિક ઉત્પાદનમાં ઘટાડો અને કેન્દ્રીય પૂલ માટે એફસીઆઈની પ્રાપ્તિમાં ઘટાડાને પગલે ભાવને નિયંત્રિત કરવું જરૂરી હતું. આ કારણોસર કેન્દ્ર સરકારે મે મહિનામાં ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. પરંતુ હવે કિંમત ઘટાડવા માટે નવી કવાયત ચાલી રહી છે. કેન્દ્ર સરકાર વધતી છૂટક કિંમતોને અંકુશમાં લેવા માટે ઓપન માર્કેટ સેલ સ્કીમ (ર્ંસ્જીજી) હેઠળ એફસીઆઈના સ્ટોકમાંથી લોટ મિલ જેવા ઉપભોક્તા માટે આવતા વર્ષે ૧૫-૨૦ લાખ ટન ઘઉં બજારમાં મુકવાનું વિચારી રહી છે. જ્યારે વધારાનો ઘઉં બજારમાં આવશે ત્યારે તેની અસર લોટના ભાવ પર થશે.

# રૂમમાં તાંપણું ચાલુ રાખીને સૂઈ ગયા, સવારે મળ્યાં મૃતદેહ

## રૂમના બારી બારણા બંધ હોવાથી ઝેરી વાયુની અસર થઈ



વડોદરા:

શહેરનાં દશરથ વિસ્તારનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ઠંડીમાં તાપણું કરીને સૂઇ ગયેલા દંપતીનું ગુંગળાઇ જવાને કારણે મોત નીપજ્યું છે. આ અંગે છાણી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, શહેરનાં કરચિયા રોડની વૃંદાવન સોસાયટીમાં રહેતા ૪૯ વર્ષનાં વિનોદભાઇ ડાહ્યાભાઇ સોલંકી રણોલીની ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેમનું બીજું ઘર દશરથ ગામથી આજોડ ગામ તરફ જવાના રસ્તા પર આવેલી ક્રિષ્ણાવેલી સોસાયટીમાં છે. તેઓ આ ઘરમાં પણ અવરજવર કરતા હોય છે. વિનોદભાઇ અને તેમના પત્ની ઉષાબેન ક્રિષ્ણાવેલી સોસાયટીના ઘરમાં સૂવા માટે આવ્યા હતા. જ્યાં તેમને ઘણી ઠંડી લાગી રહી હતી. જેથી તગારામાં કોલસા ભરીને તાપણું કર્યું હતુ. જોકે, ચાલું તાપણામાં જ દંપતીની આંખ લાગી ગઇ અને તેઓ સૂઇ ગયા હતા.બીજા દિવસે સવારે તેમના દીકરાએ માતાપિતાને ફોન કર્યો હતો. પરંતુ તે બેમાંથી એકપણ લોકોએ ઉપાડ્યો ન હતો. જેથી મોટો પુત્ર તે ઘરમાં જ તપાસ કરવા માટે આવ્યો હતો. ઘરનો દરવાજો ખખડાવતા માતા પિતાએ દરવાડો ખોલ્યો ન હતો. જેથી મકાનનાં પાછળનાં દરવાજાની સાંકળ ખોલીને તેઓ અંદર ગયા હતા. અંદર જઇને ઉપરનાં બેડરૂમમાં જઇને તપાસ કરી તો દરવાજો અંદરથી બંધ હતો જેથી જોર લગાવીને દરવાજો ખોલ્યો હતો. જોકે, અંદરનું દ્રશ્ય જોતા જ દીકરાને માતાપિતાનાં મૃતદેહ દેખાયા હતા.

જે બાદ આ અંગે છાણી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે સ્થળ પર જઇને તપાસ કરી રહ્યા છે. મૃતક માતા-પિતાનાં મૃતદેહને પી.એમ.માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યા છે. પોલીસને રૂમમાંથી કોઇ દવા કે અંતિમ ચિઠ્ઠી મળી નથી.પોલીસનું અનુમાન છે કે,રાતે કોલસાની સગીડી ચાલુ રાખીને તેઓ સૂઇ ગયા હતા.

### અમદાવાદમાં ૯.૩ ડિગ્રી તાપમાન

# ગુજરાતમાં ઠંડીનું જોર વધ્યુ, ૫.૪ ડિગ્રી સાથે નલિયા ઠુંઠવાયુ

## રાજસ્થાનમાં સાઈકલોનિક સર્ક્યુલેશન સક્રિય થતા ગુજરાત રાજ્યમાં ઠંડીની અસર જોવા મળી રહી છે

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં તાપમાનમાં ઘટાડો થતા ઠંડીમાં વધારો થયો છે. રાજયમાં બેથી ત્રણ ડિગ્રી તાપમાન ઘટ્યુ છે. રાજ્યમાં ઠંડા પવન ફુંકાવાને કારણે ઠંડીનો ચમકારો વધ્યો છે. ગુજરાત રાજયમાં ૧૦થી ૧૫ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. રાજસ્થાનમાં સાઈકલોનિક સર્ક્યુલેશન સક્રિય થતા ગુજરાતમાં ઠંડીની અસર જોવા મળી રહી છે. નલિયામાં સૌથી ઓછુ ૫.૪ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. હવામાન વિભાગના વડા મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં આંશિક રાહત બાદ ૨૩ જાન્યુઆરીથી ઠંડીનું જોર વધશે. તો બીજી તરફ દિલ્લી અને ઉત્તર ભારતમાં ભારે ઠંડી સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમાં અતિભારે બરફવર્ષા થઇ છે. ઉત્તરાખંડમાં બરફવર્ષા અને વરસાદના કારણે મુશ્કેલી વધી છે. તો આ તરફ ઉત્તરભારતના અનેક રાજ્યોમાં મૌસમ ફરી પોતાનો મિજાજ બદલશે. ઠંડીને લઇ હવામાન વિભાગે આગાહી કરી છે. જે મુજબ આગામી ત્રણ દિવસમાં ઉત્તરભારતના અનેક રાજ્યોમાં ઠંડીનો ચમકારો જોવા મળશે. ૨૪ અને ૨૫ જાન્યઆરીએ અનેક રાજ્યોમાં વરસાદની પણ આગાહી કરવામાં આવી છે.

### મોદી સરકારના આ નિર્ણયથી દરેક ભારતીય ખુશ થશે

# અંદામાનના ૨૧ બેનામ ટાપુને મળશે 'ખાસ' નામ

## આંદામાન નિકોબારના ૨૧ બેનામ ટાપુઓને નેતાજી સુભાષ ચંદ્રનુ નામ આપવાનો મહત્વનો નિર્ણય લેવાયો

નવી દિલ્હી, તા.૨૨

આંદામાન અને નિકોબારના ૨૧ બેનામ ટાપુઓનું નામ નેતાજી સુભાષ ચંદ્ર બોઝની યાદમાં ઉજવવામાં આવતા પરાક્રમ દિવસના પર્વ પર ૨૧ પરમવીર ચક્રથી સન્માનિત શહીદોના નામ પરથી રાખવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૩ જાન્યુઆરીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી આ ટાપુઓના નામ રાખશે. આ ક્રમમાં સૌથી મોટા બેનામ ટાપુનું નામ પ્રથમ વીર ચક્ર પુરસ્કાર મેળવનાર મેજર સોમનાથ શર્માના નામ પર રાખવામાં આવશે. બીજા સૌથી મોટા ટાપુનું નામ અન્ય વીર ચક્ર પુરસ્કાર મેળવનાર કરમ સિંહના નામ પરથી રાખવામાં આવશે.

મોદી સરકારના કાળમાં નેતાજીનું અલગ અલગ માધ્યમોથી સન્માન કરવામાં આવી રહ્યું છે. તેમની જન્મજયંતિને બહાદુરી દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય મોદી સરકારના સમયગાળા દરમિયાન લેવામાં આવ્યો હતો અને તેમના સંબંધિત દસ્તાવેજો પણ જાહેર કરવામાં આવ્યા. સરકારના આ કામને બંગાળના રાજકારણ સાથે પણ જોડવામાં આવ્યું છે. આંદામાનના રાસ દ્વીપનું નામ સુભાષ ચંદ્ર બોઝના નામ પર રાખવામાં આવ્યું છે. એ જ રીતે નીલ આઈલેન્ડ અને હેવલોક આઈલેન્ડનું નામ બદલીને શહીદ દ્વીપ અને સ્વરાજ દ્વીપ કરવામાં આવ્યું છે.

અમૃતકાળમાં સરકાર વીરોથી દેશને અવગત કરાવવાનો પ્રયાસ કરી રહી છે. જેઓ ભુલાઈ ગયા છે. આ ક્રમમાં, મોટા ૨૧ ટાપુઓના નામ પરમવીર ચક્રથી સન્માનિત શહીદોના નામ પર રાખવામાં આવશે. તે જ દિવસે, પ્રધાનમંત્રી બોસ આઈલેન્ડ ખાતે તેમની યાદમાં રાષ્ટ્રીય સંગ્રહાલયનું પણ ઉદ્ઘાટન કરશે.

સૌરાષ્ટ્ર આજતક

# પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત રજૂ કરશે ક્લિન-ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત વિષયને આવરી લેતી સુંદર ઝાંખી

ગાંધીનગર,

ગુજરાતે સતત નવતર પ્રયોગો અને પ્રયાસો કરીને રાષ્ટ્રને નવી દિશા આપવાનું કાર્ય કરે છે. આ ઉપક્રમને બરકરાર રાખીને તારીખ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ નવી દિલ્હીના 'કર્તવ્યપથ' પર આયોજિત થનારી પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત ''ક્લિન-ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત'' વિષયને આવરી લેતી ઝાંખી રજૂ થનારી છે. જે દેશ અને દુનિયાને પુનઃ પ્રાપ્ય ઊર્જાસ્રોતોનાં પ્રયોગથી હરિત અને શુદ્ધ ઊર્જાનું નિર્માણ કરીને આત્મનિર્ભર બનવાનો સંદેશ આપશે.

સમગ્ર વિશ્વ આજે પરંપરાગત ઊર્જાસ્રોતોની કટોકટીનો સામનો કરી રહ્યું છે. આ સ્રોતો કાળક્રમે ક્ષીણ થઈ રહ્યા છે, તો બીજી તરફ આ ઊર્જાસ્રોને લીધે પ્રદુષણ વધતા સમગ્ર પૃથ્વી ઉપરનું તાપમાન વધી રહ્યું છે, જેના લીધે દુનિયાના સંખ્યાબંધ દેશો ''ક્લાઈમેટ ચેન્જ''ના કારણે પૂર, ભૂ સ્ખલન, ત્સુનામી, ભૂકંપ જેવી કુદરતી આપદાઓનો સામનો કરી રહ્યા છે, જેની ગંભીર ચિંતા ચાલુ વર્ષે United Nations Climate Change Conference or Conference of the Parties of the UNFCCC દ્વારા કરવામાં આવી છે.







આ વિપરીત પરિસ્થિતિનો મુકાબલો કરવા, પૃથ્વીના વાતાવરણને શુદ્ધ અને હરિયાળું રાખવા તથા UN Sustainable Development Goals (SDG) ના Affordable and Clean Energyના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે પુનઃ પ્રાપ્ય અને બિનપરંપરાગત ઊર્જાના સંસાધનોનો ઉપયોગ કરવાનું ગુજરાતે બીડું ઝડપ્યું છે. ગુજરાતે વર્ષ-૨૦૦૯માં ''ક્લાઈમેટ ચેન્જ''નો એક અલાયદો વિભાગ બનાવીને બિનપરંપરાગત ઊર્જા સ્રોત : પવન ઊર્જા, સૌર ઊર્જા, જૈવિક ઊર્જા, હાઈડ્રો પાવર દ્વારા સંચાલિત વિવિધ પ્રોજેક્ટ્સ શરુ કર્યા છે. આજે દેશમાં ગુજરાત બિનપરંપરાગત ઊર્જાના ઉત્પાદનમાં અગ્રેસર છે.

પ્રસ્તુત ઝાંખીના પ્રથમ ભાગમાં ગુજરાતના કચ્છના ખાવડા ખાતે આકાર લઈ રહેલા દુનિયાના સૌથી વિશાળ હાઈબ્રીડ (સોલાર અને વિન્ડ) રિન્યુએબલ એનર્જી પાર્કનું નિદર્શન છે. બિનપરંપરાગત ઊર્જાના અખૂટ સ્રોત સ્વરૂપ સૂર્ય અને પવનને પ્રતીકાત્મક રીતે હાથમાં ધારણ કરેલી એક ખુશહાલ કન્યાને કચ્છના ભાતીગળ પહેરવેશમાં દર્શાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૧૧થી ગુજરાતના પાટણ જિલ્લાના ચારણકા ગામમાં રાજયનો સૌ પ્રથમ સોલાર પાર્ક કાર્યરત છે જ !

જયારે ઝાંખીના પૃષ્ઠભાગમાં ગુજરાતનું જાણીતું સૂર્યમંદિર જ્યાં આવેલું છે; તે મોઢેરા ગામ BESS (Battery Energy Storage System) મારફતે દેશનું સૌ પ્રથમ ૨૪૮૭ સોલાર ઊર્જા મેળવતું ગામ બન્યું છે.

## યુવકે યુવતીનું ગળું કાપી નાખ્યું અને બાથરૂમમાં પૂરી દીધી

નડિયાદ

ઉમરેઠમાં યુવતીની હત્યાના પ્રયાસની ચોંકાવનારી ઘટના સામે આવી છે. યુવતીનું ગળું કાપી હત્યાનો પ્રયાસ કરાતા ચકચાર મચી જવા પામી છે. યુવકે યુવતીનું ગળું કાપી નાખ્યું હતું. જયારે યુવતીનું ગળું કાપી બાથરૂમમાં પૂરી દેવામાં આવી હતી. ગળું કાપીને ઘરને તાળું મારી યુવક ભાગી ગયો હતો. યુવતીએ બૂમો પાડતાં સ્થાનિકોએ દરવાજો ખોલ્યો હતો. દરવાજો ખોલતાં યુવતી બાથરૂમમાં ઘાયલ અવસ્થામાં મળી આવી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે, આ બનાવ આણંદના ઉમરેઠ કાછીયાપોળનો છે. યુવક અને યુવતી બંને હજુ શનિવારે જ ભાડેથી રહેવા માટે આવ્યા હતા. વહેલી સવારે બંને વચ્ચે ઝઘડો થયો હતો. બપોરના સમયે યુવકે યુવતીના ગળામાં છરી ઝીંકી દીધી હતી અને બાથરૂમમાં પૂરી દીધા બાદ ઘરને તાળું મારીને યુવક ભાગી ગયો હતો. યુવતીએ બૂમાબૂમ કરતાં આસપાસના રહીશો દોડી આવ્યા હતા. મકાન માલિકને જાણ કરી અને મકાન ખોલતાં યુવતી બાથરૂમમાં ઘાયલ અવસ્થામાં મળી આવી હતી. જે બાદ યુવતીને નડિયાદ ખાતે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

આસપાસના વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે. ઘટનાને પગલે પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જયારે યુવતીને ગળાના ભાગે ગંભીર ઈજા થતાં તેને નડિયાદ સિવિલમાં ખસેડાઈ હતી.

## તમામ બોર્ડર પર હાઈએલર્ટ : BSF સતર્ક

ગાંધીનગર,

૨૬મી જાન્યુઆરીના પગલે કચ્છ સરહદે મ્જીહ્ન હાઈએલર્ટ પર છે. ૨૮મી તારીખ સુધી સરક્રીકથી રાજસ્થાનના બાડમેર સુધી ઓપ્સ એલર્ટ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ક્રીક અને હરામી નાળામાં વિશેષ અભિયાન ચલાવાશે. આગામી પ્રજાસત્તાક દિવસને ધ્યાનમાં રાખીને, BSF ગુજરાત દ્વારા ૨૧ જાન્યુઆરીથી ૨૮ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન ભારત-પાક આંતરરાષ્ટ્રીય સરહદે સિરક્રીકથી ગુજરાતના કચ્છના રણ અને રાજસ્થાન-બાડમેર જિલ્લામાં સાત દિવસીય 'ઓપ્સ એલર્ટ' કવાયત હાથ ધરવામાં આવી રહી છે.



પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન રાષ્ટ્રવિરોધી તત્વોની કોઈપણ નાપાક યોજનાને નિષ્ફળ બનાવવા માટે 'ઓપ્સ એલર્ટ' કવાયત હાથ ધરવામાં આવી રહી છે. આ કવાયત દરમિયાન આંતરરાષ્ટ્રીય સરહદ સાથેના વિસ્તારોમાં તેમજ ક્રીક અને હરામી નાળામાં વિશેષ કામગીરી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત, વિવિધ ઓપરેશનલ પ્રક્રિયાઓની સચોટતા અને માન્યતાની ચકાસણી તેમજ સરહદી લોકો સાથેના સમાધાન કાર્યક્રમો આ સમયગાળા દરમિયાન હાથ ધરવામાં આવશે. ૨૬મી જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિવસને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે હંમેશા આતંકવાદી પ્રવૃત્તિઓનો ખતરો તોળાતો રહેતો હોય છે. ત્યારે દેશ વિરોધી પ્રવૃત્તિઓ અને આતંકી પ્રવૃત્તિઓને રોકવા પોલીસ તંત્ર એલર્ટ રહેતું હોય છે. ત્યારે આજથી ૩૦ જાન્યુઆરી સુધી અમદાવાદ એરપોર્ટને હાઈએલર્ટ પર મૂકવામાં આવ્યું છે. ૨૬ જાન્યુઆરીને પગલે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટને ૩૦મી સુધી હાઈએલર્ટ પર મૂકવામાં આવ્યું છે.

## બે યુવકોનું ન્યૂઝીલેન્ડના દરિયામાં ડૂબી જતાં મોત

અમદાવાદ,

ન્યૂઝીલેન્ડમાં આવેલા પીહા બીચ પર બે યુવકોએ જીવ ગુમાવ્યો છે. બીચ પર જીવ ગુમાવનારા યુવકોના પરિજનોનું કહેવું છે કે તેઓ બંનેને સ્વિમિંગ નહોતું આવડતું. ઈન્ડિયન હાઈ કમિશન સેકન્ડ સેક્રેટરી દુર્ગા દાસે આ વાત કન્ફર્મ કરતા જણાવ્યું કે, જીવ ગુમાવનારા યુવકોના નામ સૌરિન નયનકુમાર પટેલ અને અંશુલ શાહ છે. તેઓ બંને અમદાવાદ, ગુજરાતના રહેવાસી હતા.

મળતી માહિતી મુજબ, ૨૮ વર્ષનો સૌરિન નયનકુમાર પટેલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર હતો જે ઓગસ્ટ મહિનામાં ન્યૂઝીલેન્ડ આવ્યો હતો જયારે ૩૧ વર્ષનો અંશુલ શાહ ગેસ સ્ટેશન પર કેશિયર હતો અને નવેમ્બર મહિનામાં ન્યૂઝીલેન્ડ આવ્યો હતો. તેઓ બંને ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં વર્ક વિઝા પર રહેતા હતા. સેક્રેટરી દુર્ગા દાસે કહ્યું કે ન્યુઝીલેન્ડમાં રહેતા ભારતીય સમાજ માટે આ ઘણી દુઃખદ ઘટના છે. ન્યુઝીલેન્ડના પશ્ચિમ ઓકલેન્ડના પીહા ખાતે દરિયામાં ડૂબી જતાં બે ભારતીયોના મોત થયાં છે. આ બંને યુવક અમદાવાદના હોવાનું સામે આવ્યું છે. ઈન્ડિયન હાઈ કમિશન દ્વારા પણ બંને યુવકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે અને અમદાવાદ ખાતે રહેતા તેમના માતા-પિતાને જાણ પણ કરવામાં આવી છે. આ ઘટનામાં ૨૮ વર્ષીય સૌરિન નયનકુમાર પટેલ અને ૩૧ વર્ષીય અંશુલ શાહનું મોત થયું છે.

## પાંચ ન.પાલિકા ફડચામાં જતા વીજ અંધારુ છવાયું

### છેલ્લા ૧૬ દિવસમાં જ ગુજરાતની ૭ નગર પાલિકાઓ પોતાનું લાઈટ બિલ ભરી શકી નથી

અમદાવાદ,

છેલ્લા ૧૬ દિવસમાં જ ગુજરાતની ૭ નગર પાલિકાઓ પોતાનું લાઈટ બિલ ભરી શકી નથી. શહેરના લોકોને પાણી વિતરણ કરાય છે તેવી મહત્વની અને પ્રાથમિક સુવિધા ગણાતા વોટર વર્કસ વિભાગનું લાઈટ બિલ પણ આ પાલિકાઓ ભરી શકી નથી. મતલબ કે, વાતો ભલે આત્મનિર્ભર ગુજરાતની કરવામાં આવતી હોય પરંતુ ભાજપ સહિતના પક્ષો શાસિત નગર પાલિકાઓ દેવાના ડુંગર નીચે દબાઈ ગઈ છે અને હવે લાઈટ બિલ ભરવાના પણ પૈસા ના હોવાથી ચૂંટણીમાં વિકાસની વાતો કરનારા પ્રજાના પ્રતિનિધિઓને હવે મોઢું સંતાડવા માટે જગ્યા નથી મળી રહી. સૌથી પહેલાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાના મતવિસ્તારની જસદણ નગરપાલિકાએ દેવાળું ફૂંક્યું. તેના પછી કેબિનેટ મંત્રી મૂળુ બેરાના મત વિસ્તારની સલાયા નગર પાલિકાએ દેવાળું ફૂંક્યું. તેના પછી કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણના મત વિસ્તારની ખેડા અને મહેમદાવાદ નગર પાલિકાએ દેવાળું ફૂક્યું અને આજે બનાસકાંઠાની ધાનેરા નગરપાલિકા, પંચમહાલની ગોધરા નગરપાલિકા અને આણંદની બોરિયાવી નગર પાલિકા લાઈટ બિલ ભરવા જેટલી પણ સક્ષમ ના હોવાથી વીજ વિભાગે કનેક્શન કાપી નાખ્યું છે. અને જનતા હવે ભગવાન ભરોસે મૂકાઈ ગઈ છે. નગર પાલિકાએ બિલ ન ભરતા વીજ કંપનીએ સ્ટ્રીટ લાઈટના કનેક્શન કાપી નાખતાં નગરોમાં અંધારપટ છવાઈ ગયો છે. છેલ્લા ૩ દિવસથી સલાયાની જનતાને પીવાના પાણી માટે પણ વલખાં મારવાં પડે તેવું શાસન કરી રહ્યા છે પ્રજાના પ્રતિનિધઓ. ચૂંટણીમાં કરોડો રૂપિયાનો ખર્ચ કરતા રાજકીય પક્ષો એવું કહી રહ્યા છે કે પાલિકા પાસે આવકના કોઈ સ્રોત નથી. જો પાલિકા પાસે આવકના કોઈ સ્રોત નથી તો ચૂંટણી લડવા અને જીતવા માટે આકાશ પાતાળ એક કેમ કરે છે આ નેતાઓ... ચૂંટણી આવે ત્યારે ગુજરાતની પ્રગતિની અને જનતાની સેવા કરવાનાં વચન આપતા પ્રજાના પ્રતિનિધિઓના અણઘટ વહીવટના પાપે પાલિકાની તિજોરીઓ સફાચટ થઈ ગઈ છે.

## ઠક્કરબાપાનગરની સ્કૂલમાંથી ગુમ થયેલો વિદ્યાર્થી મળી ગયો

અમદાવાદ,

અમદાવાદ શહેરના ઠક્કરબાપાનગરની રઘુવીર સ્કૂલમાંથી ગુમ થયેલો વિદ્યાર્થી મળી ગયો છે. વિદ્યાર્થી કાલુપુર રેલવે સ્ટેશન પરથી શનિવારે મોડી રાત્રે મળી આવ્યો હતો. વિદ્યાર્થી મળી જતા તેના માતા-પિતા તથા પરિવારના સભ્યોએ રાહતનો શ્વાસ લીધો છે. વિદ્યાર્થીએ આ મામલે એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. વિદ્યાર્થીએ જણાવ્યું કે તેને કોઈએ સ્કૂલમાં બેઠો હતો ત્યારે ઈશારો કર્યો હતો અને પછી તેની સાથે શું થયું તે તેને કંઈજ ખ્યાલ નથી. હવે પોલીસ આ કેસમાં બનાવના મૂળ સુધી પહોંચવા માટે વધુ તપાસ કરશે.

ગુમ થયેલા અને પછી કાલુપુર રેલવે સ્ટેશન પરથી મળી આવેલા વિદ્યાર્થીએ કહ્યું કે, હું સ્કૂલના સ્ટીલના બાકડા પર બેઠો હતો, કોઈએ મને ઈશારો કર્યો, મે તેમને પહેલીવાર જોયા હતા, મને લાગ્યું કે તેમને કામ હશે એટલે હું તેમની પાછળ ગયો. એમણે મને બસમાં બેસાડ્યો, પછી સ્ટેશન હતું ત્યાં કેસરી ધોતીવાળા કોઈ દાદા હતા તેમણે મારા માથામાં હાથ ફેરવ્યો પછી શું થયું તે મને ખબર જ નથી. પછી મારા ભાઈ મને ઘરે લઈ આવ્યા.

આ વિદ્યાર્થી ૨૦ તારીખે સ્કૂલમાંથી ગુમ થયા બાદ ૨૧મીની મધ્યરાત્રીએ કાલુપુર રેલવે સ્ટેશન પરથી મળી આવ્યો છે. જે વિડીયો સામે આવ્યા છે તેમાં વિદ્યાર્થી ગંભીર હાલતમાં જોવા મળી રહ્યો છે. પોતાનો દીકરો હેમખેમ મળી જતા તેના માતા-પિતાએ ખુશી વ્યક્ત કરી છે. વિદ્યાર્થી ગુમ થયો તે દિવસના અસાઈનમેન્ટના મુદ્દે તેને પૂછવામાં આવ્યો તો તેણે કહ્યું, સ્કૂલમાં એ દિવસે શું થયું હતું તે મને બરાબર યાદ નથી, મને બહાર બેસાડ્યો હતો અને પપ્પા આવવાના હતા એટલું જ ખબર છે.

### દેશ-દુનિયામાં ચકચારી મચાવનારા ડિંગુચા કેસ

## પુરાવા નષ્ટ કરવા આરોપીઓએ નર્મદા કેનાલમાં ફેંક્યું હતું CPU

અમદાવાદ,

દેશ-દુનિયામાં ચકચારી મચાવનારા ડિંગુચા કેસની મહત્વની કડીઓ શોધવા શહેર ક્રાઈમ બ્રાંચ નર્મદા કેનાલ સુધી પહોંચી છે. ૧૦ મહિના પહેલા ગાંધીનગરમાં આવેલી નર્મદા કેનાલમાં આરોપીઓ દ્વારા કમ્પ્યૂટરનું સીપીયુ ફેંકી દેવાયું હતું. તેમાં મહત્વની વિગતો હોવાની પોલીસને આશંકા છે. ડિંગુચા કેસમાં પકડાયેલા યોગેશ પટેલના કમ્પ્યૂટરનું આ સીપીયુ છે. માર્ચ ૨૦૨૨માં તેના સાગરીતે સીપીયુને નર્મદા કેનાલમાં ફેંકી દીધું હતું. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી અમારા સાથી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જાણવા મળ્યું છે કે, સીઆઈડી ક્રાઈમની ટીમે ડિંગુચા કેસમાં તપાસ શરૂ કરતાં વસ્ત્રાપુરના રહેવાસી યોગેશ પટેલે પુરાવાનો નષ્ટ કરવા માટે તેના સાગરીતને આ સીપીયુ સગેવગે કરી નાખવાનું કીધું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯ જાન્યુઆરીએ ગાંધીનગર જિલ્લાના ડીંગુચા ગામના પરિવારના ચાર સભ્યો- જગદીશ પટેલ, પત્ની વૈશાલી, બે બાળકો વિહંગી અને ધાર્મિકના કેનેડા-યુએસ બોર્ડર પર થીજી જવાના કારણે મોત થયા હતા.

પટેલ પરિવારના ચાર સભ્યોના મોત બાદ ગુજરાત પોલીસે કેસની તપાસ શરૂ કરી હતી. શહેર ક્રાઈમ બ્રાંચે તાજેતરમાં જ યોગેશ પટેલ અને તેના સાગરીત ભાવેશ પટેલ (ગાંધીનગરના કલોલનો રહેવાસી)ની ધરપકડ કરી હતી. આ બંને સામે સદોષ માનવવધનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પૂછપરછ દરમિયાન યોગેશે વસ્ત્રાપુરમાં આવેલી પોતાની ઓફિસમાંથી સીપીયુ ફેંકી દીધું હોવાનો ખુલાસો કર્યો હતો.

"અમે ગાંધીનગરમાં આવેલી નર્મદા કેનાલમાં સીપીયુ શોધવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. સીપીયુ શોધવા અમે ડાઈવર્સની મદદ લઈશું. સીપીયુમાં રહેલી ફાઈલોને પાછી મેળવવા માટે અમે ફોરેન્સિક નિષ્ણાતોની પણ મદદ લઈશું"



G 20 હેઠળ ગાંધીનગરમાં આયોજિત'B-20 ઈન્સેપ્શન' મિટિંગમાં સહભાગી થવા ગુજરાતના મહેમાન બનેલા રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય મહાનુભાવો એમ્ફી થિયેટર, મહાત્મા મંદિર,ગાંધીનગર ખાતે વિવિધ કલાકારો દ્વારા રજૂ કરાયેલા ગુજરાત ની આગવી ઓળખ એવા ગરબા, રાસ,પરંપરાગત આદિવાસી નૃત્ય સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળીને પ્રભાવિત થયા હતા. આ કાર્યક્રમમાં ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુત, સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્ય સચિવ પંકજકુમાર સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## B20 ઇન્સેપ્શન મીટિંગ ગાંધીનગર ખાતે શરૂ

### વૈશ્વિક વ્યવસાયો માટે નિર્ધારિત થયેલી પ્રાથમિકતાઓ અંગે ચર્ચા અને B20 સ્ટ્રેટેજિક વિઝનને સાકાર કરાશે

ગાંધીનગર,

ગુજરાતમાં યોજાનાર ૧૫ કાર્યક્રમોની યાદીમાં પ્રથમ કાર્યક્રમ છે બિઝનેસ૨૦ ઈન્સેપ્શન મીટિંગ, જે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ૨૨ થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન યોજાઈ છે.

B20ની સ્થાપના ૨૦૧૦માં કરવામાં આવી હતી અને તે G20 નું એક મહત્વપૂર્ણ એન્ગેજમેન્ટ ગ્રુપ છે. તે વૈશ્વિક વ્યવસાયોની પ્રાથમિકતાઓનું પ્રતિનિધિત્વ કરે છે. ગાંધીનગર ખાતે યોજાનારી B20 ઈન્સેપ્શન મીટિંગ B20 સ્ટ્રેટેજિક વિઝનને સાકાર કરવાના ઉદ્દેશથી નિર્ધારિત થયેલી ઔદ્યોગિક પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેથી કરીને કાર્યક્ષમ નીતિ સૂચનોમાં તેને રૂપાંતરિત કરી શકાય.

૨૩ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ સાંજે ૬.૦૦થી ૭.૦૦ વાગ્યા દરમિયાન 'ગુજરાતમાં રહેલી તકો' ઉપર પણ એક સ્પેશિયલ પ્લેનરી સેશન યોજાશે. આ સત્રમાં સંલગ્ન ઉદ્યોગોના ૨૫૦થી વધુ પ્રતિનિધિઓ હાજરી આપશે. આ સેશન ગુજરાતમાં રહેલી વ્યવસાય અને રોકાણની તકો અંગે એક ઝલક આપશે અને આ સત્ર એ શક્તિઓનું પ્રદર્શન કરશે જેના કારણે રાજ્ય આજે વર્ષોથી રોકાણકારો માટે પસંદગીનું સ્થળ બન્યું છે. આ સત્રમાં માનનીય નાણામંત્રી કનુભાઈ દેસાઈ, માનનીય ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂત, માનનીય પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા અને મુખ્ય સચિવ પંકજ કુમાર હાજરી આપશે.

ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે મીટિંગમાં આવેલા પ્રતિનિધિઓને રાજ્યની સંસ્કૃતિ, કલા અને જીવનશૈલીનો અનુભવ પ્રદાન કરવા માટે વિશેષ કાર્યક્રમોનું આયોજન પણ કર્યું છે. આ પ્રતિનિધિઓ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ દાંડી કુટિરની મુલાકાત લેશે. તે જ દિવસે સાંજે એક સાંસ્કૃતિક કાર્યક્રમ અને સ્વાગત કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

૨૪ જાન્યુઆરીના રોજ રાજ્ય સરકાર દ્વારા પુનિત વન ખાતે યોગ સત્ર અને ઈકો-ટૂર, ગિફ્ટ સિટીની મુલાકાત તેમજ અડાલજની વાવની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું છે.

ક્લાઈમેટ ચેન્જ, સમાવેશી અસરને સંચાલિત કરવા માટે ઈનોવેશન પર પુનર્વિચાર અને પુનરોદ્ધાર, વૈશ્વિક ડિજિટલ સહયોગને પુનઃવ્યાખ્યાયિત કરવો, સ્થિતિસ્થાપક ગ્લોબલ વેલ્યુ ચેઈન્સનું નિર્માણ, નાણાકીય સમાવેશને પ્રોત્સાહન અને સોસાયટીઓનું સશક્તિકરણ જેવા વિષયો પર પ્લેનરી સેશન્સની એક સીરીઝ આયોજિત થશે. ૨૩ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ આ પ્લેનરી સેશન્સમાં વૈશ્વિક નીતિ નિર્માતાઓ, થોટ લીડર્સ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વડાઓ હાજરી આપશે. એમેઝોન વેબ સર્વિસિસ પબ્લિક પોલિસી APACના હેડ મિસ ક્વિન્ટ સિમોન, નેશનલ યુનિવર્સિટી ઓફ સિંગાપુરના સિનિયર રિસર્ચ ફેલો અને રિસર્ચ લીડ્સ ડૉ. અમિતેંદુ પલિત, HSBC ગ્રુપ ચેરમેનના સિનિયર એડવાઈઝર લોર્ડ ઉડની-લિસ્ટર ઓફ વર્ડ્સવર્થ, HCL ટેક્નોલોજીસ લિ.ના ચેરપર્સન મિસ રોશની નાદાર, સેઈડ બિઝનેસ સ્કૂલ, યુનિવર્સટી ઓફ ઓક્સફોર્ડના ડીન પ્રોફેસર સૌમિત્ર દત્તા અને અન્ય ઘણા વક્તાઓ આ સેશન્સમાં હાજર રહેશે.

# રાજકોટનાં પૂર્વ ભાજપ શહેર પ્રમુખના પુત્ર સહિત ત્રણ વ્યાજખોરોની ધરપકડ







## વ્યાજ ચૂકવી ગામમાં આવેલી ખેતીની ચાર એકર જમીન પરત માંગતા વ્યાજખોરોએ રૂા.૧.૨૫ કરોડની માગણી કરી હતી

રાજકોટ,

રાજ્યમાં વ્યાજખોરીના દુષણને ડામવા માટે પોલીસ દ્વારા ઠેર ઠેર લોકદરબાર યોજવામાં આવી રહ્યાં છે. વ્યાજખોરો સામે ફરિયાદ નોંધી ઝડપી લઈ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે ગોંડલના ભુણાવામાં વર્ષ ૨૦૧૭માં જીનિંગ મિલના ધંધાર્થીએ વ્યાજે લીધેલા રૂા.૫૦ લાખના રૂા.૧.૩૭ કરોડ ચુકવ બાદ વ્યાજખોરો પાસેથી ગામમાં આવેલી ખેતીની ચાર એકર જમીન પરત માંગતા વ્યાજખોરોએ રૂા.૧.૨૫ કરોડની માગણી કરી જમીનનો વેચાણ દસ્તાવેજ પોતાના નામે કરાવી લીધાની ગોંડલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે રાજકોટનાં પૂર્વ ભાજપ શહેર પ્રમુખના પુત્ર સહિત ત્રણ વ્યાજખોરોની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની જાણવા મળતી વિગત પ્રમાણે ગોંડલ તાલુકાના ભુણાવા ગામે રહીને ખેતી કરતા અને રામદેવ જિનિંગથી ધંધો કરતા સંજય વલ્લભભાઈ કપુરીયાને ધંધામાં આજથી સાત વર્ષ પહેલા રૂા.૫૦ લાખની જરૂર પડી હતી. તેમણે આ અંગે જુપી નુડલ્સના તેમના ભાગીદાર નિલેશ ગોવિંદભાઈ કપુરીયાને જણાવ્યું હતું. તેમના ભાગીદારે તેના મિત્ર ઘનશ્યામભાઈ પાંભરનું નામ આપી તેનો સંપર્ક કરવાનું જણાવ્યું હતું. તેમજ નિલેશભાઈને લઈને ઘનશ્યામભાઈને મળવા ગયા હતાં. પરંતુ ઘનશ્યામભાઈ પાસે અત્યારે આવડી મોટી રકમ હોય નહીં તેના મિત્ર સર્કલમાં પિન્ટુ પરસોતમભાઈ પણસારા તથા દિપક જશમતભાઈ વસોયા બંને અંગત રીતે અને આત્મીય ક્રેડીટ કો.સોસાયટીના નામે મંડળીના માધ્યમથી તથા ધનંજય ક્રેડીટ કો.પ.ના નામે મંડળીના માધ્યમથી પણ વ્યાજ વટાઉનો ધંધો કરતા હોવાનું જણાવ્યું હતું. તેમજ આત્મીય સેઈફ ડિપોઝીટ વોલ્ટના નામે ફાઈનાન્સનો પણ ધંધો કરતાં હોય તેમની પાસે આવડી મોટી રકમ હોય. ત્યારબાદ ઘનશ્યામભાઈએ આ લોકો સાથે વાતચીત પિન્ટુ તથા દિપેશને બોલાવી રૂા.૫૦ લાખ ફાઈનાન્સથી ધંધા માટે તેમની ત્રણ શરતોને આધીન આપ્યા હતાં. જેમાં ઓછામાં ઓછુ માસિક પાંચ ટકા વ્યાજ, સ્થાવર મિલ્કતનો દસ્તાવેજ કરાવી આપવાનો તેમજ લેનાર તરફે એક પ્રતિષ્ઠિત મધ્યસ્થી વ્યક્તિ રાખવાનું જણાવ્યું હતું. અત્યારે સંજયભાઈને ધંધા માટે રકમની જરૂર હોય તેમણે વ્યાજખોરોની ત્રણેય શરતો મંજુર રાખી હતી.

ત્યારબાદ તા.૧૪-૮-૨૦૧૫ના રોજ સંજયભાઈએ તેમના પિતાના નામે રહેલી જમીનનો દસ્તાવેજ દિપેસ વસોયા તથા પિન્ટુ પણસારાના નામે કર્યો હતો. તેમજ દર મહિને નક્કી કરેલા ૫ ટકાના લેખે વ્યાજના રૂા.૨.૫૦ લાખ પંચાવન મહિના સુધી ચુકવ્યા હતાં. આમ સંજયભાઈએ વ્યાજે લીધેલા રૂા.૫૦ લાખના રૂા.૧.૩૭ કરોડ ચુકવ્યા હતાં.

કોરોના મહામારીમાં ધંધાની હાલત ખરાબ થતા નિયમિત વ્યાજ આપી શકાયું હતું નહીં. જેથી પિન્ટુ પણસારા તથા દિપેશ વસોયા અને તેની સાથે જયદીપ ભીખાભાઈ વસોયાએ અવાર નવાર રૂપિયા આપવા માટે ધમકાવતા હતાં. તેમજ સંજયભાઈને રાજકોટ બોલાવી જયદીપે ધમકી આપી હતી અને કહ્યું હતું કે બાકીનું વ્યાજ ભરપાઈ કરો નહીંતર જમીન ભૂલી જજે અને જમીન બાબતે હાથ ધોઈ નાખજે જમીનનો દસ્તાવેજ સિક્યુરિટી પેટે કરી આપેલી છે. તેમજ હવે આ જમીનના માલિક અમે ગણાય તેવી ધમકી આપી હતી.

# એચ.જે.દોશી હોસ્પિટલના ઈતિહાસમાં પ્રથમવાર મહિલાએ એક સાથે ત્રણ બાળકીઓને જન્મ આપ્યો



રાજકોટ,

એચ.જે.દોશી હોસ્પિટલના ઈતિહાસમાં પ્રથમવાર તારીખ: ૧૫/૧૨/૨૦૨૨ ના રોજ એક મહિલાએ એક સાથે ત્રણ બાળકીઓને જન્મ આપેલ હતો. ૧૦ હજાર વ્યક્તિઓએ એક કેસમાં ત્રીપ્લેટ બાળકોનો જન્મ થતો હોય છે. સામાન્ય રીતે આવા ટ્રીપલેટ બાળકો નો જન્મ પ્રી ટર્મ ( નવ મહિના પહેલાજ અધૂરા મહીને) થઇ જતો હોય છે, અને આ જોખમ સિંગલટન (એક બાળકનો ગર્ભ) પ્રેગનેન્સી કરતા ૨૪ ગણો વધારે હોય છે. એચ.જે.દોશી હોસ્પિટલ ના અનુભવી ગાયનેકોલોજીસ્ટ ( સ્ત્રી રોગ વિશેષજ્ઞ) ડો. શચી શાહ દ્વારા આ મહિલા દર્દીને જરૂરી સારવાર અને માર્ગદર્શન પુરા ૯ મહિના આપવામાં આવેલ હતું,

# રાજકોટના બેડીના પૂલ નીચે યુવાનનો કોહવાયેલ મૃતદેહ મળ્યો

રાજકોટ,

રાજકોટ શહેરના મોરબી રોડ પર બેડીના પૂલ નીચે નદીમાંથી અજાણ્યા યુવાનની લાશ મળી આવતાં લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતાં. મૃતદેહને બહાર કાઢી પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. યુવાનનું મોત અકસ્માતે ડૂબી જવાથી થયું? આપઘાત કર્યો કે અન્યજ કંઇ બન્યું ? તેની તપાસ થઇ રહી છે. મૃતકની ઓળખ મેળવવા પોલીસે કાર્યવાહી આદરી છે અને મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટ મોર્ટમ કરાવવા મૃતદેહ હોસ્પિ ટલે ખસેડયો છે.જાણવા મળ્યાય મુજબ બેડી નદીના પૂલ નીચે રાધે રાધે ગૌશાળા નજીક નદીમાં એક યુવાન બેભાન હાલતમાં ઉંધો પડયો હોવાની જાણ કોઇએ કરતાં ૧૦૮ પહોંચી હતી. તેના ઇએમટી રાજેશભાઇ ભાલીયા, પાઇલોટ ગોરધનભાઇ રબારીએ લોકોની મદદથી યુવાનને પાણીમાંથી બહાર કાઢયો હતો. ઇએમટીની તપાસમાં તે મૃત જણાતાં પોલીસને જાણ કરવામાં આવતાં બી-ડિવીઝનના અશ્વિનભાઇ રાઠોડ, નિરવભાઇ સહિતનો સ્ટાફ પહોંચ્યોણ હતો. મૃતક પાસેથી એક આધારકાર્ડ મળ્યુંક હોઇ તેના આધારે પોલીસે ઓળખ મેળવવા તજવીજ આદરી છે. તે મધ્ય પ્રદેશ તરફનો હોવાની શક્ય તા છે. આધારકાર્ડમાં મુકેશ નામ હોઇ તેના આધારે તપાસ શરૂ થઇ છે. લાશ મૃતક યુવાનની ઉંમર આશરે ૨૫ થી ૩૦ વર્ષ છે, તેણે કાળુ જાકીટ અને કાળુ પેન્ટઇ પહેર્યુ છે. લાશ કોહવાઇ ગઇ હોઇ બે ત્રણ દિવસ પહેલા ડુબી ગયાની શક્યછતા છે. તેના ખિસ્સામાંથી લીલા ચણા પણ મળી આવ્યા છે. કાંઠે બેઠો હતો ત્યાહરે અકસ્માયતે ડૂબ્યોષ, આપઘાત કર્યો કે પછી અન્યં કંઇ બન્યું ? તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

# સિંગતેલના ભાવમાં રૂપિયા ૩૦નો વધારો

રાજકોટ :

ગુજરાતમાં સતત વધતી જતી મોંઘવારીને કારણે સામાન્ય માણસનુ બજેટ ખોરવાઇ રહ્યુ છે. એક તરફ ઇંધણના ભાવ આસમાને પહોંચેલા છે તો બીજી તરફ સતત જીવન જરૂરીયાત વસ્તુના ભાવ વધતાં જીવવું મુશ્કેલ બની ગયુ છે ત્યારે આજે ફરી મોંઘવારીનો વધુ એક માર પડ્યો છે. છેલ્લા બે દિવસથી સિંગતેલના ભાવમાં વધારો થઈ રહ્યો છે જેના કારણે ફરી એકવાર ગૃહણીઓનું બજેટ ખોરવી નાખ્યું છે. છેલ્લા બે દિવસમાં સીંગતેલના ડબ્બે રૂપિયા ૩૦નો વધારો થયો છે. સીંગતેલના ડબ્બાના ભાવ ૨૭૦૦થી વધીને રૂ.૨૭૩૦ થયા અને કપાસિયા તેલમાં પણ પાંચ રૂપિયાનો વધારો થયો છે. એક તરફ રાંધણગેસના ભાવ એક હજારને પાર થયા છે તો બીજી તરફ ખાદ્યતેલના વધતા ભાવોના કારણે લોકોને મહિનો કાઢવો મુશ્કેલ બની રહ્યો છે. એક બાજુ માંડ માંડ પોતાનું બજેટ સેટ કરતી સામાન્ય પ્રજા મોધવારીના ડામથી ડઘાઈ ગઈ છે. જે મધ્યમ વર્ગ માટે વધુ એક મોટો ફટકો પડ્યો છે.

# સોમનાથ ટ્રસ્ટ દ્વારા મહાદેવ માટે પાઘ પૂજાનો શુભારંભ કરાયો

## હવેથી શ્રદ્ધાળુઓ મહાદેવને સોમનાથ ટ્રસ્ટ નિર્મિત પાઘ અર્પણ કરી પૂજા કરી શકશે





મિતેશ પરમાર, વેરાવળ,,

સોમનાથ ટ્રસ્ટ શિવરાત્રી ના પાવન પર્વ પર ભક્તો માટે લોન્ચ કરી "બિલ્વપુજા સેવા" જેમાં માત્ર ૨૧ રૂપિયા ની ન્યોછાવર રાશિ સાથે ભક્ત તરફથી સોમનાથ મહાદેવને બિલ્વપત્ર અર્પણ કરવામાં આવશે.આ અદભુત બિલ્વ પૂજામાં ભાગ લેવા માટે સોમનાથ ટ્રસ્ટની અધિકારીક વેબસાઈટ પર જઈને પુજા નોંધાવી શકો છો, અથવા અમારા દ્વારા નવી શરૂ કરાયેલ મિસ કોલ સુવિધામાં નંબર ૦૮૦-૬૯૦૭૯૯૨૧ પર મીસકોલ કરીને સરળતા પૂર્વક ઓટોમેટિક વોઇસ રજીસ્ટ્રેશન માધ્યમથી પૂજા નોંધાવી શકાશે.પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવના દર્શને પ્રતિવર્ષ કરોડો યાત્રીઓ આવતા હોય છે. ત્યારે ભક્તો વિવિધ રીતે સોમનાથ મહાદેવનું પૂજન અર્ચન કરે છે, સોમનાથ મહાદેવને વિધિવત પુજન સાથે પાઘ અર્પણ કરીને યશ અને કીર્તિ વધારનાર પાઘ સમર્પણ પૂજા નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પાઘ સોમનાથ ટ્રસ્ટ દ્વારા પોતે તૈયાર કરવામાં આવી છે. જે ભક્તો પૂજન કર્યા બાદ મહાદેવને અર્પણ કરી શકશે અને તેનો શ્રી સોમનાથ મહાદેવના શૃંગારમાં ઉપયોગ કરવામાં આવશે.

સાથેજ સોમનાથ મહાદેવને શૃંગારમાં અર્પણ કરવામાં આવેલ પાઘ ના વસ્ત્રો માત્ર વસ્ત્ર ન રહીને મહાદેવનો કૃપાપ્રસાદ બની શ્રદ્ધાળુઓના જીવનમાં આધ્યાત્મિકતાનું ચિન્હ બને તેવા શુભ આશયથી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વસ્ત્ર પ્રસાદ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે તેના થકી યાત્રીઓ આ પાઘ ના વસ્ત્રો નો વસ્ત્ર પ્રસાદ મેળવી શકશેત્યારે સદભાવના અને સૌહાર્દ સાથે સોમનાથ ટ્રસ્ટના પ્રત્યેક કર્મચારી અધિકારીએ આ ક્ષણ ને વધાવી હતી. સોમનાથ ટ્રસ્ટના સચિવ શ્રી ની સાથે અધિકારીઓ, પુજારી ગણ, સફાઈકર્મીઓ, વહીવટી સ્ટાફ, સહિતના પ્રત્યેક કર્મીએ સાથે મળીને મહાદેવની ધ્વજા પૂજા કરી હતી. ખભે-ખભો મેળવીને દરેક કર્મીએ મહાદેવની પાઘ ની પાલખી ઉઠાવી હતી. અને મહાદેવની ધ્વજા તળે બધા અધિકારી કર્મચારી મટીને શિવભક્ત બની મહાદેવની પાલખીના વાહક બન્યા હતા.સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રારંભ કરાયેલ પાઘ પૂજાની પેહલી પાઘ સોમનાથ મહાદેવને શૃંગારમાં ઉપયોગમાં આવે તે પહેલા તેનું મંદિરના સભા મંડપમાં સોમનાથ ટ્રસ્ટના અધિકારીઓ કર્મચારીઓ દ્વારા સાથે મળીને પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સોમનાથ મહાદેવની પાઘ ને પાલખીમાં બિરાજમાન કરીને મંદિર પરિસરમાં પ્રદક્ષિણા કરવામાં આવી હતી. આ તકે સોમનાથ ટ્રસ્ટના તમામ અધિકારીઓ કર્મચારીઓ સહિત શ્રદ્ધાળુઓ પણ પાલખીયાત્રામાં જોડાયા હતા અને "હર હર મહાદેવ" "જય સોમનાથના" નાદ સાથે સોમનાથ મંદિરનું સમગ્ર વાતાવરણ શિવમય બન્યું હતું.

# રાજકોટમાં એક્રોલોન્સ સી.બી.એસ.ઈ નેશનલ સ્વિમિંગ ચેમ્પિયનશીપનો ધમાકેદાર પ્રારંભ

## સમગ્ર ભારત અને અન્ય ૨૦ થી વધુ દેશોમાંથી ૧૨૦૦થી વધુ તરવૈયાઓ સ્પર્ધામાં ભાગ લેવા આવ્યા

રાજકોટ:

જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સટીટયુશન્સની જીનિયસ સ્કૂલ અને જય ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન, રાજકોટ ડિસ્ટ્રીક્ટ સ્વિમિંગ એસો. અને ગુજરાત સ્વિમિંગ એસો અને એક્રોલોન્સ કલબના સહયોગથી તા. ૨૧ થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન રાજકોટના આંગણે યોજાયેલ એક્રોલોન્સ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સી. બી. એસ. ઈ.) સ્વિમિંગ ચેમ્પિયનશીપનો ધમાકેદાર પ્રારંભ આજે તા. ૨૧ જાન્યુઆરીના રોજ સવારે ૦૮:૩૦ કલાકથી રાજકોટના સરદાર પટેલ સ્વિમિંગ પૂલ ખાતે થયો છે. જેમાં દેશ-વિદેશની સી.બી.એસ.ઈ ની શાળાઓમાં અભ્યાસ કરતાં ૧૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો છે.

આ સ્વિમિંગ ચેમ્પિયનશીપમાં ભારતના જ નહી પરંતુ સી.બી.એસ.ઈ બોર્ડ સંચાલીત શાળાઓ જે આફ્રીકન અને ગલ્ફ દેશોમાં છે ત્યાંથી પણ આંતરરાષ્ટ્રીય કક્ષાના અન્ડર ૧૧, અન્ડર ૧૪, અન્ડર ૧૭ અને અન્ડર ૧૯ વયજુથના ૧૨૦૦ થી વધુ તરવૈયાઓ રાજકોટના આંગણે આવ્યા છે. આ આયોજનમાં રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન, રાજકોટ ડિસ્ટ્રીક્ટ સ્વિમિંગ એસો. અને ગુજરાત સ્વિમિંગ એસો.નો ખુબ સારો સહયોગ સાંપડી રહ્યો છે.

સ્પર્ધામાં ભાગ લેવા આવનાર તમામ ખેલૈયાઓ, સ્પર્ધકો સાથે ૫૦ થી વધુ ઓફીશ્યલ્સ અને રેફ્રીઝની રહેવા, જમવા અને ટ્રાન્સપોર્ટેશનની તમામ સુચારુ વ્યવસ્થા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની સ્પોર્ટસ હોસ્ટેલ્સ તથા રાજકોટની ૨૫ થી વધુ હોટેલ્સમાં જીનિયસ ગ્રુપ દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત સમગ્ર રાજય અને દેશના વિવિધ ભાગોમાંથી ટેકલીકલ પર્સન્સ, કોચ અને પ્લેયર્સના મેનેજર તેમના સ્પર્ધકોને માર્ગદર્શન આપવા માટે ખાસ પધાર્યા છે. દેશ-વિદેશના અલગ અલગ ભાગોમાંથી આવનાર સ્પર્ધકોના પરિવારજનો અને સમર્થકો આ સ્પર્ધાને માણી શકે તે માટે લાઈવ પ્રસારણની વ્યવસ્થા પણ જીનિયસ ગ્રુપ દ્વારા સંસ્થાની જીનિયસકનેકટ યુટયુબ ચેનલ પરથી કરવામાં આવી છે.

# વેરાવળ ખાતે આયુર્વેદ શાખા દ્વારા આયુષ મેળો યોજાયો

## ૧૫ જેટલા સ્ટોલ મારફતે શહેરીજનોને આયુર્વેદલક્ષી માહિતી

વેરાવળ,

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર અંતર્ગત નિયામક શ્રી આયુષની કચેરી દ્વારા પ્રેરિત અને જિલ્લા આયુષ વિભાગ ગીર સોમનાથના સંયુકત ઉપક્રમે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રામીબહેન વાજાના અધ્યક્ષસ્થાને ખારવા સમાજની વાડી, વેરાવળ ખાતે ‘આયુષ મેળો’ યોજાયો હતો. આ તકે નિઃશુલ્ક હોમિયોપેથી અને આયુર્વેદ સારવાર કેમ્પમાં સવિશેષ સ્ત્રીઓ અને વૃદ્ધો સહિત શહેરીજનોએ ખાલી ચડવી, સાંધાના દુ:ખાવા, સાઈટિકા વગેરે પ્રશ્નોનું નિરાકરણ તેમજ વિશેષ અગ્નિકર્મ સારવારનો લાભ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત ધન્વંતરી વંદનાથી થઈ હતી અને અને ઉપસ્થિત મહાનુભાવોનું તુલસી અને આયુર્વેદિક છોડથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આયુષ મેળાનું ઉદ્ઘાટન કરતાં શ્રીમતી રામીબહેન વાજાએ જણાવ્યું હતું કે, આધુનિક યુગમાં જીવનશૈલીની ઢબ પણ બદલાઈ છે. આ બદલાયેલી જીવનશૈલીને અનુરૂપ રોગોને જડમૂળથી નિવારવા માટે આયુર્વેદિક ચિકિત્સા, હોમિયોપેથી તેમજ 'આયુષ' ઔષધિઓનો જીવનમાં ઉપયોગ વધારવો પડશે. જેમ સ્વસ્થ જીવન માટે હવા, પાણી અને ખોરાક જરૂરી છે. એવી જ રીતે આયુર્વેદને પણ જીવનનો એક અભિન્ન ભાગ બનાવવું જ પડશે તેવું ભારપૂર્વક જણાવ્યું હતું.

આ તકે કાર્યક્રમમાં આયુર્વેદની અમૃત પુસ્તિકાનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું અને રાગીના ઢોસા, સૌભાગ્યસૂંઠી પાક, અશ્વગંધા ચોકલેટ જેવી વાનગી પ્રદર્શન, કુંવારપાઠું, હંસરાજ, નગોડ જેવી વનસ્પતિ પ્રદર્શન સહિત વિવિધ ૧૫ સ્ટોલના માધ્યમથી ૩૦૦૦ કરતા વધુ શહેરીજનોએ આયુર્વેદને જીવનશૈલીનો ભાગ કેવી રીતે બનાવી શકાય તે નજીકથી જાણ્યું હતું.

મેડિકલ ઓફિસર શ્રી જયદિપ લાખાણીએ પ્રાસંગિક પરિચય આપી આયુષ મેળાનો મુખ્ય હેતુ જણાવ્યો હતો. આ તકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ એ.એસ.રૉય, વેરાવળ સીડીપીઓ શ્રી કુમુદીબહેન ઝાલા, અગ્રણીઓ શ્રી જીતુભાઈ કુહાડા, શ્રી ધર્મેશભાઈ રાજપરા સહિત આયુષ-આયુર્વેદિક તબીબો તેમજ શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રજાસતાક પર્વની પૂર્વ સંધ્યાએ કાર્યક્રમની તૈયારી શરૂ: સ્થળ મુલાકાત લેતા અધિકારીઓ





રાજકોટ,

રાજકોટ મહાપાલિકા દ્વારા રંગીલા રાજકોટના નગરજનોને જુદાજુદા સાંસ્કૃતિક કાર્યક્રમો માણી શકે તેવા શુભ આશયથી વખતોવખત જુદાજુદા કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. જે અંતર્ગત આગામી ૨૬ જાન્યુઆરી પ્રજાસતાક પર્વની પૂર્વ સંધ્યાએ પ્લેબેક સિંગર દર્શન રાવલ પ્રસ્તુત “સુનહરી સાંજ” કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને આજ તા.૨૧/૦૧/૨૦૨૩ના રોજ મેયર ડૉ.પ્રદિપ ડવ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ડે.મેયર અને ધારાસભ્ય ડૉ.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશ્નર અમિત અરોરા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, ડે.કમિશ્નર સી.કે.નંદાણીએ સ્થળ મુલાકાત કરી હતી. આ દરમ્યાન સુરક્ષા અધિકારી આર.બી. ઝાલા, સિટી એન્જીનીયર એચ.એમ. કોટક, ચીફ ફાયર ઓફિસર આઈ. વી. ખેર, એડી.સિટી એન્જીનીયર જીવાણી, આસી.કમિશ્નર હર્ષદભાઈ પટેલ, વાસંતીબેન પ્રજાપતિ, ગાર્ડન વિભાગના ડિરેક્ટર ચૌહાણ, આસી.મેનેજર કાથરોટીયા, કૌશિક ઉનાવા તેમજ સંબંધક અધિકારીશ્રીઓ અને જુદા જુદા કોન્ટ્રાક્ટ ધરાવતી એજન્સીઓના પ્રતિનિધિઓ વગેરે સાથે ચર્ચા વિચારણા કરી હતી.

દર્શન રાવલ પ્રસ્તુત મ્યુઝીકલ નાઈટ્સ શહેરીજનો વ્યવસ્થિત માણી શકે તે માટે બેઠક વ્યવસ્થા, સ્ટેજ વ્યવસ્થા, લાઈટ્સ, સાઉન્ડ, એલ.ઈ.ડી., સુરક્ષા વગેરે તમામ બાબતોની મેયરશ્રી સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ અને એજન્સીઓ સાથે જરૂરી ચર્ચા કરવામાં આવેલ.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## G20 હેઠળ ગુજરાતમાં થઈ રહેલ સૌપ્રથમ કાર્યક્રમ B20 ઇન્સેપ્શન મીટિંગ બનશે પરિણામલક્ષી

ગુજરાતમાં યોજાનારી પ્રથમ G20 બેઠકોમાંની પ્રથમ બેઠક બિઝનેસ ૨૦ (B20) ઈન્સેપ્શન મિટીંગ ગાંધીનગરમાં ૨૨-૨૪ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન યોજાઈ રહી છે B20 એ ૨૦૧૦માં સ્થપાયેલું અધિકૃત G20 સંવાદ મંચ છે, જે G20માં સૌથી પ્રસિદ્ધ એન્ગેજમેન્ટ ગૃપ્સમાંથી એક છે, જેમાં કંપનીઓ અને વ્યવસાયિક સંસ્થાઓ સહભાગી બને છે.

અત્રે નોંધનીય છે કે, B20 વેપાર અને આર્થિક શાસનના મુદ્દાઓ પર તેમના મંતવ્યો વ્યક્ત કરવા માટે વિશ્વભરના ટોચના બિઝનેસ એક્ઝિક્યુટિવ્સને એકત્રિત કરવામાં મોખરે છે.B20 સત્તાવાર રીતે ײ૨૦ પ્રેસિડેન્સીને ײ૨૦ સમિટ માટે તેની અંતિમ ભલામણો જણાવે છે.B20 ઈન્ડિયા ૨૦૨૩ ડાયલોગ 'RAISE' ની થીમ હેઠળ થશે, જે રીસ્પોન્સીબલ (જવાબદાર), એક્સીલરેટેડ (પ્રવેગક), ઈનોવેટીવ (નવીન), સસ્ટેનેબલ (ટકાઉ) અને ઈક્વિટેબલ (સમાન) બિઝનેસોનું ટૂંકું નામ છે.CII એ B20 ઈન્ડિયા માટેનું સેક્રેટરીએટ છે અને નટરાજન ચંદ્રશેખરન (ચેરમેન - ટાટા ગ્રુપ) B20 ઈન્ડિયાના ચેરમેન છે.

ગાંધીનગરમાં યોજાનારી B20 ઈન્સેપ્શન મીટીંગ વર્તમાન પડકારો પર ચર્ચા કરશે અને નીચેની થીમ્સ પર આગળ વધવા માટે નક્કર અને કાર્યવાહી કરવા યોગ્ય પોલિસી રેકમેન્ડેશન્સ સૂચવશે જેમાં ક્લાઈમેટ એક્શનઃ હરિયાળા અને ટકાઉ ભાવિ માટે નેટ ઝીરો એનર્જી તરફ ગતિ,નવીનતાને પુનર્જીવિત કરી અને સમાવેશી અસર માટે પુનઃવિચાર કરવો,ગ્લોબલ ડિજિટલ કો-ઓપરેશનને પુનઃવ્યાખ્યાયિત કરવું.સ્થિતિસ્થાપક વૈશ્વિક મૂલ્ય શૃંખલાનું નિર્માણઃ તમામના સમાવેશ અને એકીકરણને આગળ વધારવું નાણાકીય સમાવેશ અને સામાજિક સશક્તિકરણને પ્રોત્સાહન આપવું મુખ્ય છે.

આ મિટીંગમાં ઓછામાં ઓછા ૪૦૦ - ૫૦૦ પ્રતિનિધિઓની સહભાગિતાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. જેમાંથી લગભગ ૨૦૦ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ, G20 અને અતિથિ દેશો તેમજ બહુપક્ષીય સંસ્થાઓ અને શિક્ષણ સંસ્થાઓમાંથી આવશે, જ્યારે ૨૫૦-૩૦૦ પ્રતિનિધિઓ ભારતીય ઉદ્યોગ જગતના અગ્રણીઓ/સભ્યો હશે.

ઉલ્લેખનીય છે કે, B20 ઈન્ડિયા પ્લેટફોર્મ દ્વારા ભારતીય ઉદ્યોગની સક્રિય ભાગીદારી G20 સંવાદમાં યોગદાન આપશે અને વૃદ્ધિને આગળ વધારવા માટે વ્યવસાયો માટે અનુકૂળ વાતાવરણ વિકસાવવામાં મદદ કરશે.

ક્લાઈમેટ ચેન્જ, સમાવેશી અસરને સંચાલિત કરવા માટે ઈનોવેશન પર પુનર્વિચાર અને પુનરોદ્ધાર, વૈશ્વિક ડિજિટલ સહયોગને પુનઃવ્યાખ્યાયિત કરવો, સ્થિતિસ્થાપક ગ્લોબલ વેલ્યુ ચેઈન્સનું નિર્માણ, નાણાકીય સમાવેશને પ્રોત્સાહન અને સોસાયટીઓનું સશક્તિકરણ જેવા વિષયો પર પ્લેનરી સેશન્સની એક સીરીઝ આયોજિત થશે. ૨૩ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ આ પ્લેનરી સેશન્સમાં વૈશ્વિક નીતિ નિર્માતાઓ, થોટ લીડર્સ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વડાઓ હાજરી આપશે. એમેઝોન વેબ સર્વિસિસ પબ્લિક પોલિસી APACના હેડ મિસ ક્વિન્ટ સિમોન, નેશનલ યુનિવર્સિટી ઓફ સિંગાપુરના સિનિયર રિસર્ચ ફેલો અને રિસર્ચ લીડ્સ ડૉ. અમિતેંદુ પલિત, HSBC ગ્રુપ ચેરમેનના સિનિયર એડવાઈઝર લોર્ડ ઉડની- લિસ્ટર ઓફ વડ્ર્સવર્થ, HCL ટેક્નોલોજીસ લિ.ના ચેરપર્સન મિસ રોશની નાદાર, સેઇડ બિઝનેસ સ્કૂલ, યુનિવર્સટી ઓફ ઓક્સફોર્ડના ડીન પ્રોફેસર સૌમિત્ર દત્તા અને અન્ય ઘણા વક્તાઓ આ સેશન્સમાં હાજર રહેશે.

# કાંદો મરદનો બાંધો પણ કાંદાનો ખેડૂત માંદો

**વિકાસ અને વિકલ્પ**
-ડૉ. નાનક ભટ્ટ



### સૌરાષ્ટ્રમાં કહેવત છે "કાંદાનો ખેડૂ માંદો." પરંતુ દેશભરમાં લિટર પેટ્રોલ અને કિલો ડુંગળીના ભાવ રૂ.૧૦૦/- થઈ જાય એટલે લાગે કે ખેડૂ માલામાલ થઈ ગયા. પરંતુ જમીન ઉપરની સ્થિતિ ભ્રમ ભાંગે છે

દુનિયામાં ચીન, પાકિસ્તાન, હિંન્દુસ્તાન અને કંઈક અંશે દક્ષિણ અમેરિકામાં ડુંગળીનો પાક થાય છે. પરંતુ વિશ્વના કુલ ઉત્પાદન પૈકી ૬૫ ટકા ડુંગળી માત્ર હિંન્દુસ્તાનમાં પાકે છે અને ૬૫ ટકાનો લગભગ ૩૮ ટકા જેવો હિસ્સો માત્ર ભાવનગર અને રાજકોટ જિલ્લામાંથી ઉત્પન્ન થાય છે. સફેદ અને લાલ ડુંગળીની બે મુખ્ય જાતો, પરંતુ તેના ઉત્પાદનના સમયગાળામાં કે તેના સ્વાદમાં કશો ફરક હોતો નથી. જુલાઈ ઊતરતાં ચોમાસે ડુંગળીના રોપનું વાવેતર થાય. આથી ડિસેમ્બર માસના બીજા-ત્રીજા અઠવાડિયાથી ફેરિયાઓ લીલી ડુંગળી લઈ ઘરે ઘરે ફરવા લાગે છે. પરંતુ નાસિકનો લાઈટરેડ પ્રકારનો ૨૨થી ૨૭ એમ.એમ.નો બલ્બ (ડુંગળી) કે પછી સૌરાષ્ટ્રનું લોદર પરિપકવ સ્થિતિમાં તૈયાર થતાં માર્ચ મહિનો આવી પહોંચે છે.

વિશ્વમાં સહુથી વધુ માત્રામાં ખવાતી ડુંગળી શાકભાજીની હરોળનો ખોરાક છે. પરતું તેમાં ૯૨ ટકા પ્રવાહી અને ૮ ટકા ઘન સ્વરૂપે મિનરલ્સ, ફૉસ્ફેટિક કંપાઉન્ડ જેવા કે પોટૅશિયમ, મૅગ્નેશિયમ રહેલાં હોય છે. ડુંગળી આંખમાંથી આંસુ પાડનારી હોય છે તેનું કારણ તેમાં રહેલ અમોનિયમ છે. ડુંગળીમાં ભેજનું પ્રમાણ અત્યંત વધુ હોઈ જમીનમાંથી બહાર ખુલ્લા તાપ નીચે તેનાં વજન અને કદમાં રોજ ૬થી ૭ ટકાની ઘટ થાય છે. સૂર્યના તાપથી બચાવવા ખેડૂત જો ડુંગળીને હવા-પ્રકાશથી દૂર રાખે તો તેમાં મોલ્ડ નામની ફૂગ થઈ જાય છે અને આઠદસ દિવસમાં ડુંગળી પોતાની જ ગરમીથી બફાઈ જાય છે. પછી ગંધ મારતી ડુંગળી તો પશુઓ પણ ખાતાં નથી. આવી રોગયુકત ડુંગળીને ખેડૂતે પોતાના હાથે જ બાળી દેવી પડે છે.ગોરાડુ કે મીઠી કાળી જમીનમાં ઊગતી ડુંગળીની યોગ્ય માવજત થાય તો ખેડૂત હેકટરે ૩૦થી ૩૫ હજાર કિલોનો ઉતારો મેળવી શકે છે. વીજળીની તંગી અને જમીનના ઊંડા તળનાં પાણીની સ્થિતિ વચ્ચે ખેડૂતોને ડુંગળી પકવવાની હોય છે. યુરિયા અને ડી.એ.પી. પ્રકારના ખાતરનાં ઊંચા ખર્ચ પછી મળતા પાકની જોખમી જાળવણીનો પ્રશ્ન ખેડૂતોના માથે સળગતો જ રહે છે. આવી સ્થિતિમાં જ્યારે માર્ચથી મે મહિના સુધીમાં ડુંગળીનું સામટું ઉત્પાદન બજારમાં આવે છે, ત્યારે માર્કેટયાર્ડમાં ડુંગળીનું કોઈ ધણીધોરી થતું નથી. પાછલાં વર્ષોમાં સૌરાષ્ટ્રના વિસ્તારોમાં તો ખેડૂતોને પોતાનાં ખેતરની ડુંગળી બહાર ખેંચવાની મજૂરી પણ ન પોસાતાં ગામમાં ઢોલ પીટી ડુંગળીની મફત લહાણી કર્યાના બનાવ નોંધાયા છે.

દૂધ માફક ડુંગળી લાંબો સમય સુધી ન ટકે તેવી ખેત પેદાશ છે. બને છે એવું કે રાજકોટ અને ભાવનગરની બજારમાં ડુંગળીના ભાવ પડી ગયા હોય પણ કલકત્તા, મદ્રાસ અને દિલ્હીનાં બજાર ઊંચકાયેલાં હોય આથી ટેલિફોનથી જાણેલ બજારભાવ આધારે ખેડૂત સિમલા કે ચંદીગઢ સુધી સોદો કરી નાખે છે. પરંતુ ૨૦-૨૨ ટન ભરેલી ડુંગળીના થેલાઓમાં હવાની અવર-જવર ન ײ નો ટૂકમાં ૬-૮ દિવસની મુસાફરી દરમ્યાન ગરમીથી ડુંગળીમાં ફંગસ લાગી જાય છે. ડુંગળી પોતાનું પાણી છોડી દે છે અને માર્કેટયાર્ડમાં પહોંચતી ડુંગળીની ખેત ટ્રક ભાડા જેટલી પણ રહેતી નથી. ડુંગળીના બજારની બીજી વિચિત્રતા એ છે કે ડુંગળીની દલાલી કરતા વ્યાપારીઓ ખેડૂતો પાસે ૬% દલાલી વસૂલે છે તેમ માલ ખરીદનાર વ્યાપારી પાસેથી પણ ૬% દલાલી પડાવે છે. આમ ડુંગળીના વપરાશકારો માથે બિનજરૂરી ૧૨%નો બોજો આવી પડે છે.

શાકભાજીની નિકાસમાં સૌરાષ્ટ્રની ડુંગળીનો હિસ્સો ૯૦% હોવા છતાં ખેડૂતોના હિત માટે ભારત સરકારે બનાવેલ સંસ્થા નાફેડ વરસે ૫૦ હજાર ટન પણ ડુંગળી ખરીદ કરતી નથી. ટેકાના ખરીદ ભાવ જાહેર કરતું નથી. અને જ્યારે બજારમાં ડુંગળીની ખેંચ ઊભી થાય ત્યારે ખેડૂતો ઉપર રોક લગાવી મિડલઈસ્ટ અને યુરોપમાં ડુંગળીની નિકાસ અટકાવી દેવામાં આવે છે. દેશનું સંચાલન કરતા અર્થશાસ્ત્રીઓ માને છે કે નિકાસ બંધ કરતાં બજાર દબાશે. પણ રાજકારણ અને વહીવટી તંત્રના નિર્ણયો સુખી લોકોના સુખ માટે અનામત હોય છે. તેમાં હવે ડુંગળીના વ્યાપારીઓનો સમાવેશ પણ થયો છે.

સૌરાષ્ટ્રના ખેડૂતોના હિત માટે સંગઠિત ગુજરાત ડુંગળી ઉત્પાદક સંઘને રાજ્ય સરકારે ૨૭ લાખનું શેરભંડોળ આપ્યું છે અને ધોરાજી, જામજોધપુર, રાજકોટ, તળાજા, મહુવા, અમરેલી અને જૂનાગઢ જિલ્લાની ૫૬ સહકારી મંડળીઓના સંઘના ખેડૂત સભ્યોને ટેકો આપ્યો છે. આ બાબત કંઈક અંશે સારી છે. આમ છતાં સૌરાષ્ટ્રના ડુંગળી ઉગાડતા દોઢ-પોણા બે લાખ ખેડૂતો હજુ નિરાધાર અવસ્થામાં છે. કુદરતના આશ્રયે બે પાંદડે થવા આશાની મીટ માંડતા ખેડૂતોને નથી કોઈ સુધારેલ બિયારણ પહોંચાડતા કે નથી ડુંગળીના સુકારા રોગ સામે રક્ષણ અપાતું. અને આજે તો ડુંગળીના બિયારણના ભાવ ૧ કિલોનાં રૂ.૨૭૦૦/- થયા છે તો પણ ખાત્રીબદ્ધ બિયારણ તો નહી જ.

ગરીબ માણસ દાલ રોટી સાથે સાથદેતી ડુંગળી કસ્તૂરી સમાન છે. અને હિબ્રૂ ભાષામાં ઓનીઓ (મોતી) તરીકે જાણીતી અનિયન (હૈંહ)ના ભાવ આસમાને ચડે છે ત્યારે શાસકપક્ષની ખુરશીઓના સાંધા હલવા લાગે છે. ડુંગળીના વધતા ભાવ દેશભરની સમસ્યા બને છે. પણ તેનો અડધો ઈલાજ કાઠિયાવાડની જમીન ઉપર ઉપલબ્ધ છે.

ઉપાય તરીકે ભાવનગર જિલ્લાના ગામ તળાજાના સીડ ફાર્મની ૫૮ એકર પડતર જમીન ઉપર સંશોધન વિસ્તરણ કેન્દ્ર પ્રસ્થાપિત કરવાની તાતી જરૂર છે. ખેતી વિભાગ અને ગુજરાત ગ્રોઅર્સ ફેડરેશન જેવી સંસ્થાઓના ઉપક્રમે નાના ખેડૂતોને ત્યાં નિદર્શન યોજાતાં થાય તો સૌરાષ્ટ્રના ખેડૂતોની ડુંગળીની ગુણવત્તા નાસિકની લાઈટરેડની સરખામણીમાં ટક્કર લઈ શકે. ડુંગળીનો પાક બટાકા માકફ કોલ્ડ સ્ટોરેજમાં રાખી શકાય તેવી ટેકનોલોજી હજુ આપણા દેશમાં પહોંચી નથી, ત્યારે ગ્રેડિંગ થયા પછીના નબળા માલને ડીહાઈડ્રેટ કરી પાઉડર સ્વરૂપમાં લાવવાનું કામ મહુવામાં ૧૪૭ ઉદ્યોગો કરે છે. ગ્રાહકોમાં ડુંગળી અને લસણના પાઉડરના વપરાશને પ્રચલિત કરવા અને ડુંગળીના ભાવે જ ડુંગળી-લસણની પેસ્ટ ઉપલબ્ધ બને માટે સરકારે ડુંગળીનાં પ્રોસેસિંગ યુનિટને વધુમાં વધુ સુવિધા આપી જૂનાગઢ, અમરેલી અને રાજકોટના ત્રિભેટે વિકસાવવાં જોઈએ.

આસામથી હિમાલય પ્રદેશ અને છેક મદ્રાસના બજારમાં ફરતી સૌરાષ્ટ્રની ડુંગળી અને તેના ખેડૂતોને વ્યાપારીઓની ચુંગાલમાંથી છોડાવવા, અને આમ પ્રજાને વાજબી ભાવે ડુંગળી પહોંચાડવા, મહારાષ્ટ્રના નાસિક પ્રદેશની પદ્ધતિ પ્રમાણે ખેડૂતોને લઘુઉદ્યોગ સહાય યોજના હેઠળ રૂ.૪૦ થી રૂ.૬૦ હજારની લોન આપી ખેતરોમાં ડુંગળીના નાના સ્ટેક (મેડા) તૈયાર કરવાની સવલત પહોંચાડવી જોઈએ. આથી ખેડૂતની સંગ્રહ કરવાની શકિત વધશે. ઉપરાંત મોટા મેડા (સ્ટોરેજ)માં ડુંગળી લાવવા, મૂકવા અને ઉપાડવાનો ખર્ચ બચશે. એટલું જ નહી પણ ડુંગળીમાં એકસાથે અસર કરતા ફૂગના રોગથી થતો બગાડ અટકશે.

આજે સ્થિતિ એ છે કે મહારાષ્ટ્રનાં ગામડાંઓનો ખેડૂત પોતાના ટ્રેકટરમાં છૂટી ડુંગળી ભરી બજારોમાં પોતાને પરવડતા ભાવે વેચી શકે છે. તેની સામે સૌરાષ્ટ્રનો ખેડૂત રૂ.૫૦થી રૂ.૬૦ના ભાવનું એક બારદાન (શણની ગૂણી) ખરીદ કરી ડુંગળી પૅક કરે છે. તે પછી ટ્રૅકટર ભાડે કરી ધોરી માર્ગ સુધી અથવા માર્કેટયાર્ડમાં લઈ જાય છે, અને પછી ૨૦-૨૨ ટનની ભરતીવાળી ઊંચી વાડની ટ્રકો દ્વારા દૂરનાં બજારોમાં મોકલે છે. પરિણામે ખેડૂત અને ગ્રાહક બંનેને ઘસારો ખમવો પડે છે.

ભુખરી-પથરાળ જમીનના ૬ ઈંચના દળમાં ડુંગળીની ખેતી કરતો સૌરાષ્ટ્રનો ખેડુ ગરીબીવશાત્ ગામના શેઠ પાસેથી દિવાળીમાં ૨૫-૪૦ હજાર રૂપિયા ઉછીના લે અને પોતાની ડુંગળી માંડી દે. તે પછી બૈરાં-છોકરાં સહિત કાળી મજૂરી કરી ડુંગળી પકવે છે. ત્યારે ખેડૂતના હાથમાં કિલો ડુંગળીએ રૂ.૧૨થી રૂ.૧૮અઢી આવે છે. અને માલની હેરાફેરી અને સંગ્રહ કરતા વ્યાપારીઓને એકિલોએ રૂ.૩૮થી રૂ.૪૦ મળે છે ! લોકશાહીની બજાર વ્યવસ્થા અને શાસનકર્તાઓમાં પેસી ગયેલાં અનિષ્ટ તત્ત્વોના કારણે આજે ગરીબ ઉપભોકતા પિસાય છે. તો ખેડૂત પણ બે પાંદડે થતો નથી અને હારી-થાકી મોતને શરણે જાય છે. જ્યારે ડુંગળીના સટ્ટાખોરો અને સંગ્રહ કરનારાઓ માલામાલ થઈ જાય છે.

આવા કપરા સમયે તો ખેડૂત તરફી સંગઠનો અને ખેડૂતોને ખેતી વિજ્ઞાન શીખવતી યુનિવર્સિટીના માળખાએ બજાર વચ્ચે ઊભા રહી ખેડૂતોની પેદાશને ઉપભોકતાઓ સુધી પહોંચાડવાનું સાહસ દાખવી દાખલો બેસાડવાની જરૂર છે.

# ૫૦થી વધુ વર્ષથી અનાજનો દાણો ખાધા વગર જીવી રહી છે વૃદ્ધા

**વિશેષ**

### વૃદ્ધાના દીકરાએ જણાવ્યું કે, અમારા પરિવારની સ્થિતિ પહેલા સારી નહોતી અને મારી માતા લોકોના ઘરે કામ કરવા જતી હતી

જીવન જીવવા માટે ખોરાક સૌથી મહત્વનો છે. ખાધા-પીધા વગર જીવન જીવવું અશક્ય છે. પરંતુ શું તમે ક્યારેય સાંભળ્યું છે કે કોઇ વ્યક્તિ ખોરાક વગર જ જીવન જીવી રહ્યું છે. જી હાં, આ કોઈ કાલ્પનિક વાત નથી પણ વાસ્તવિકતા છે, જેમાં એક વૃદ્ધ સ્ત્રી ખોરાક લીધા વિના જીવી રહી છે. તે માત્ર ચા અને હેલ્થ ડ્રિંક્સ પીને જીવન પસાર કરી રહી છે. હુગલી જિલ્લાના ગોઘાટના શ્યામબજાર પંચાયતના બેલડીહા ગામની એક વૃદ્ધ મહિલા છેલ્લા ઘણા વર્ષોથી ભોજન લીધા વગર અન્ય લોકોની જેમ જ સ્વસ્થ અને સામાન્ય જીવન જીવી રહી છે. વૃદ્ધાનું નામ અનીમા ચક્રવર્તી છે, જેમની ઉંમર લગભગ ૭૬ વર્ષ છે. પરિવારના સભ્યોએ કહ્યું કે, તે ૫૦ વર્ષથી વધુ સમયથી ખોરાક ખાધા વિના સામાન્ય રીતે જીવન પસાર કરી રહી છે. અનીમા ચક્રવર્તીના દીકરાએ જણાવ્યું કે, અમારા પરિવારની સ્થિતિ પહેલા સારી નહોતી અને મારી માતા લોકોના ઘરે કામ કરવા જતી હતી. તે અમારા પરિવારના સભ્યોને ત્યાંથી જે પણ ચોખા અથવા મમરા લાવતી હતી તે ખાવા આપતી હતી. તેથી તેની પાસે કશું જ બચતું ન હતું. અનીમા ચક્રવર્તી આ રીતે ઘરમાં રાંધેલા ખોરાક વગર માત્ર લિક્વિડ દ્વારા જ પેટ ભરતી હતી. હુગલીના એક ડૉ. બિલેશ્વર બલ્લવે કહ્યું, આપણા શરીરને ટકી રહેવા માટે ઊર્જા, કેલરી અને પોષકતત્વોની જરૂર પડે છે. આપણે જે ખોરાક ખાઈએ છીએ તે પ્રવાહી અથવા ઘન હોઈ શકે છે. આપણા શરીરની સામાન્ય પ્રક્રિયા જેમ કે, શ્વાસોચ્છવાસ અથવા પાચનતંત્ર અથવા જીવન ટકાવી રાખવા માટે જે કંઈ પણ જરૂરિયાત રહે છે, તે બધી એનર્જી જે કોષોને જરૂરી છે. એટલે કે કેલરી, જે કોઈને તે પ્રવાહી ખોરાકમાંથી પણ મળી રહે છે, તો પછી તેમને સ્વાસ્થ્ય સંબંધી કોઈ સમસ્યા થતી નથી. વધુમાં તેમણે જણાવ્યું કે, તેને ચા અથવા તે જે પ્રવાહી વસ્તુઓનું સેવન કરે છે, તેનાથી જીવન ટકાવી રાખવા માટે જરૂરી પોષક તત્વો મળી રહ્યા છે. તેથી તે સંપૂર્ણ સ્વસ્થ છે. આ કોઈ આશ્ચર્યજનક ઘટના નથી. ધારો કે કોમામાં રહેલા કે લાંબા સમયથી બીમાર હોય તેવા તમામ દર્દીઓ લાંબા સમયથી રાઈસ ટ્યૂબ દ્વારા પ્રવાહી લેતા હોય છે, તેથી તેઓ પણ બચી રહે છે. આ વિસ્તારના રહેવાસીઓએ જણાવ્યું હતું કે, અમે જોયું કે અનીમા ચક્રવર્તી નામની વૃદ્ધ મહિલા ખોરાક ખાધા વિના સ્વસ્થ અને સામાન્ય જીવન જીવી રહી છે. તે જોઈને આ વિસ્તારના એક રહેવાસીએ જણાવ્યું કે જ્યારથી મને તેના વિશે જાણ થઈ છે, ત્યારથી મેં આ વૃદ્ધ મહિલાને કોઈ નક્કર ખોરાક ખાધા વિના જીવતી જોઈ છે, તે માત્ર ચા અને હેલ્થ ડ્રિંક જેવા પ્રવાહીનું સેવન કરે છે. ગામના લોકો એક બાજુ આશ્ચર્યમાં છે અને બીજી તરફ આ મહિલાના અસ્તિત્વ પર ખૂબ ગર્વ અનુભવી રહ્યા છે.

# વિશ્વ આયુર્વેદ કૌંગ્રસનો સૂર્યોદય

**આસપાસ ચોપાસ**
સુરેશ ભટ્ટ

### ભારતીય સંસ્કૃતિનું એક આગવું અંગ એટલે આયુર્વેદ. હવે આયુર્વેદ વિશ્વસ્તરીય માન્યતા પ્રાપ્ત કરી રહ્યું છે

આયુર્વેદ એટલે વિશ્વની સૌથી પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ. ભારતીય સંસ્કૃતિના અણમોલ આ વારસાને પાંચમો વેદ પણ કહેવામાં આવે છે.હવે સમય બદલાયો છે.જેની અત્યાર સુધી અવગણના થતી હતી તે હવે વિશ્વમાન્યતા મેળવી જગતને એક નવાજ આયામ તરફ દોરે છે.

આયુર્વેદ સાથે સંકળાયેલ વ્યક્તિ, સંસ્થા, ફેકલ્ટી, વિધાર્થીઓ અને જનતાને એકબીજા સાથે જોડી, વિચારોનું આદાન પ્રદાન કરી આયુર્વેદ સેક્ટરનો વિકાસ માત્ર ભારત માં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં થાય તેવો ઉમદા ઉદ્દેશ્ય છે.આની પ્રથમ કોન્ફરન્સનું આયોજન કેરાલાનાં કોચિ ખાતે કરવામાં આવ્યું હતું. દર વર્ષે વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (ઉછઝ)નું આયોજન ભારતનાં અલગ અલગ શહેરોમાં કરવામાં આવે છે. આ વર્ષે ૯મી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (WAC) નું આયોજન ગત તા. ૮ ડિસેમ્બર થી ૧૧ ડિસેમ્બર સુધી પંજીમ, ગોવા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫૦૦થી પણ વધારે ભારતીય પ્રતિનિધિઓ, ૪૦૦થી વધારે અન્ય દેશોના પ્રતિનિધિઓ અને ૪૫થી પણ વધારે દેશો એ ભાગ લીધો હતો. ૯મી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (ઉછઝ)ની થીમ 'આયુર્વેદ કોર વન હેલ્થ' હતી. 'આયુર્વેદ કોર વન હેલ્થ'ની થીમ દ્વારા વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસે (ઉછઝ) પ્રાણી, પર્યાવરણ અને માનવ પરના આરોગ્ય જોખમોને સંબોધવા માટે મહત્વનું પ્લેટફોર્મ પૂરું પાડયુ છે. સ્થાનિક, રાજકીય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આયુર્વેદ દ્વારા રોગનું નિદાન, નિરાકરણ, દેખરખ ધ્યેય સાથે આ ચાર દિવસીય કોન્ફરન્સમાં વિવિધ સેમિનાર તેમજ માર્ગદર્શિય સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આયુર્વેદની આરોગ્ય અને પર્યાવરણ પર અસરો, આયુર્વેદ દ્વારા રોગનું નિરાકરણ, આયુર્વેદની સંશોધન પદ્ધતિઓ, આયુષ આહાર, આયુર્વેદિક ટેક્નોલોજી જેવા વિવિધ વિષયો પર માર્ગદર્શન લક્ષી સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી, રાષ્ટ્રીય કામધેનુ આયોગનાં પૂર્વ અધ્યક્ષ, ײઝૈં (ગ્લોબલ ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ)નાં સ્થાપક ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયા એ "પશુ આયુર્વેદ ચિકિત્સા અંગે પોતાનું માર્ગદર્શન આપ્યું હતું. તેમની સાથેના પ્રતિનિધિ મંડળમાં રાજકોટથી ભારત સરકારના પશુપાલન મંત્રાલયનાં માનદ્ સલાહકાર મિતલ ખેતાણી અને દિલ્હીથી ײઝનાં જનરલ સેક્રેટરી પુરીશ કુમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. ડો.વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આવનારા ૨૫ વર્ષ આઝાદીના અમૃતકાલને ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવ્યા છે, આ વર્ષોમાં ભારતની સંસ્કૃતિ, વારસો, યોગ, આયુર્વેદ, બૌધિક સંપદા, જીવ વૈવિધતા અને આધ્યાત્મિકતા વિશ્વ મંચ પર ઉજાગર કરીને વિશ્વને ભારતના મહાત્મ્યથી માહિતગાર કરવાના છે. જેમાં દરેક ભારતીયનું

યોગદાન ખૂબ મહત્વનું છે. ડો.વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું હતું કે આપણી સંસ્કૃતિને વિશ્વ મંચ પર લઈ જવા માટે સંસ્કૃતિને ઓળખીને અપનાવવાની જરૂર છે. આયુર્વેદની વિવિધ શાખાઓને જાણીને આયુર્વેદને માનવ વનસ્પતિ અને પશુ ચિકિત્સામાં વિકસાવવાની જરૂર છે. જેના માટે ભારતમાં બનેલા આયુર્વેદિક સંશોધનો અને કેન્દ્રોને એકબીજા સાથે જોડવાની જરૂર છે.



આ સાથે, આપણે આયુર્વેદ ક્ષેત્રના વિકાસ સાથે તમામ મંત્રાલયોને જોડીને આયુર્વેદમાં નવી ઊંચાઈઓ હાંસલ કરી શકીએ છીએ. પશુ આયુર્વેદ નીતિ વિશે માર્ગદર્શન આપતા ડો.વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું હતું કે આપણે આપણી રૂઢીગત માન્યતાઓ અને લઘુતાગ્રંથી બદલવાની જરૂર છે. આયુર્વેદના ક્ષેત્રના વિકાસ માટે સંશોધનને પ્રોત્સાહન આપવાની જરૂર છે. ભારતીય કોઠાસૂઝ અને દેશી પરંપરાગત પદ્ધતિઓને પંચગવ્ય અને આયુર્વેદ સાથે મળી પશુઓ અને ગૌમાતાના આરોગ્યની સંભાળ, સામાન્ય બીમારોની સારવાર અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવાની અદભૂત સમતા છે. આ પદ્ધતિઓ સરળ, સુલભ, લોકભોગ્ય અને સસ્તી પણ છે. વિવિધ આયુર્વેદ કામાં કંપનીઓને પણ પશુઓ માટે પશુ આયુર્વેદ દવાના મેન્યુફેક્ચરીગ માટે આગળ આવવા અનુરોધ કર્યો હતો. તેમના માર્ગદર્શનના અંતે તેમણે કહ્યું કે આપણે આપણા દેશે આપણા માટે શું કર્યું તે ન પૂછવું જોઈએ, પરંતુ આપણે આપણા દેશ માટે શું કરવું તે વિચારવું જોઇએ.

ગોવાના પણજીમાં શરૂ થયેલી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસમાં ડબ્લ્યુએચઓના ટ્રેડિશનલ મેડિસિન અને ટેકનિકલ ઓફિસરે જણાવ્યું કે ડબ્લ્યુએચઓનું ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન ઘણા દેશોમાં વધુ પુરાવા આધારિત આયુર્વેદ લાવવા માટે તૈયાર છે. વિશ્વભરમાં. સરકારો સાથે કામ કરવું પડશે.ટૂંક સમયમાં જ વિશ્વના બે સૌથી મોટા મેડિકલ ક્લિનિક્સ એક સાથે મોટા પાયે દર્દીઓની સારવાર કરતા જોવા મળશે. વિશ્વ આરોગ્ય સંસ્થા(ડબ્લ્યુએચઓ) એ દેશના પાંચ લાખથી વધુ આયુર્વેદ ડોકટરોને સારવાર આપવામાં મદદ કરવા માટે એલોપેથી સાથે ભારતની પરંપરાગત દવાને જોડીને એક હાઈબ્રિડ મોડ્યુલ તૈયાર કર્યું છે.તેની પ્રેક્ટિસનું નિયમન કરવા માટે, નિયત ધોરણો અને પ્રમાણભૂત પરિભાષિત દસ્તાવેજ પણ તૈયાર કરવામાં આવ્યા છે જે આયુર્વેદના પ્રેક્ટિશનરોને આધુનિક દવાઓ સાથે વધુ સરળ રીતે જોડાવવામાં મદદ કરશે. વિશ્વભરની ઘણી સરકારો સાથે કામ કરે છે તેમણે કહ્યું કે અમે આયુર્વેદને રોગોના આંતરરાષ્ટ્રીય વર્ગીકરણમાં સામેલ કરવા માટે ઘણું કામ કરી રહ્યા છીએ.

ટૂંક સમયમાં જ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ભારતના આયુર્વેદ ડૉક્ટરો માટે એક નિયમનકારી સહકાર પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવશે, જેને રેગ્યુલેટરી કોઓપરેશન પ્લેટફોર્મ પણ કહેવામાં આવશે. આ આગામી ૧૦ થી ૧૫ વર્ષમાં આયુર્વેદની વૈશ્વિક સ્વીકૃતિ મેળવવામાં મદદરૂપ થશે. આયુર્વેદ સસ્તું છે, ૯૩ દેશોમાં તેની સારવાર ચાલી રહી છેઃ ડબ્લ્યુએચઓના ટ્રેડિશનલ મેડિસિન અને ટેકનિકલ ઓફિસરે જણાવ્યું કે, 'અમારી પાસે જે પુરાવા છે તે દર્શાવે છે કે આયુર્વેદ અને એલોપથી બંનેનો ઉપયોગ દર્દીઓના લાભ માટે થઈ શકે છે.આયુર્વેદનું વૈશ્વિક બજાર ૨૦૨૨ સુધીમાં રૂ.૨.૪૭ લાખ કરોડ થવાનો અંદાજ છે.

# પાકિસ્તાનમાં શરદી-ઉધરસની દવાની પણ સર્જાશે અછતઃ માત્ર ૨ દિવસનો જ સ્ટોક



ઈસ્લામાબાદ,
પાડોશી દેશ પાકિસ્તાનની આર્થિક હાલત ખૂબ જ કફોડી થતી જોવા મળી રહી છે. વીજળી, ગેસ, ઘઉ-લોટ અને રોજબરોજના સામાનની કટોકટી બાદ હવે ત્યાં દવાઓનું પણ સંકટ ઉભું થયું છે કારણ કે પાકિસ્તાન પાસે દવાઓના ઉત્પાદન માટે માત્ર બે દિવસનો કાચો માલ બચ્યો છે. મળતી માહિતી મુજબ પાકિસ્તાનના ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચર્સ એસોસિએશને આ સંકટની ચેતવણી આપી હતી અને આવી ગંભીર સ્થિતિ માટે કેન્દ્રીય બેક્ના ગવર્નર અને નાણા મંત્રીની ટીકા કરી હતી. સેનેટ સ્ટેન્ડિંગ કમિટી ઓન ફાઈનાન્સની બેઠકમાં પાકિસ્તાન ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચર્સ એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરનારા અરશદ મલિકે જણાવ્યું હતું કે ફાર્મા ઉદ્યોગ પાસે ૨ મહિનાનો ઈન્વેન્ટરી સ્ટોક હતો જે હવે લગભગ ખલાસ થઈ ગયો છે.

પાકિસ્તાનમાં આવી સ્થિતિ ત્યારે સામે આવી જ્યારે કેન્દ્રીય બેક્કે કાચા માલની આયાત માટે ફાર્માસ્યુટીકલ ઉદ્યોગને નવા સંમતિ પત્રો જારી આપવાનો ઈનકાર કર્યો હતો. આવામાં નાણા મંત્રાલય અને કોમર્શિયલ બેક્કો પાસેથી મદદ માંગ્યા બાદ પણ કોઈ મદદ મળી નથી. હવે ફાર્મા કંપનીઓએ દવાઓની સપ્લાઈ ચેઈન તૂટતી અટકાવવા માટે પાકિસ્તાની સાંસદો પાસે તાત્કાલિક મદદ માંગી છે.પાકિસ્તાનમાં ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ ૬ અબજ ડોલરનું છે અને તેની આયાત પર નિર્ભરતા લગભગ ૯૩ ટકા છે. રોકડની તંગી વચ્ચે ઘણી રાષ્ટ્રીયકૃત બેક્કોએ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને ન્ઝ જારી કરવાનો ઈનકાર કર્યો છે. ફાર્મા કંપનીઓના પ્રતિનિધિઓ માહિતી આપી છે.

# અમેરિકામાં અંધાધૂધ ફાયરિંગઃ ૧૦નાં મોત

## કેલિફોર્નિયાના મોન્ટેરે પાર્ક શહેરમાં અંધાધૂંધ ફાયરિંગ થયું

કેલિફોર્નિયા,
અમેરિકાના કેલિફોર્નિયાના મોન્ટેરી પાર્કમાં લૂનર ન્યૂ યર સેલિબ્રેશન દરમિયાન અંધાધૂધ ફાયરિંગમાં ઓછામાં ઓછા ૧૬ લોકોને ગોળી વાગી હતી. રિપોર્ટના અનુસાર, કેલિફોર્નિયાના મોન્ટેરી પાર્કમાં ફાયરિંગની ઘટનામાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે. અમેરિકન મીડિયામાં આવી રહેલા સમાચારોમાં કહેવામાં આવ્યું છે કે લોસ એન્જલસ નજીક મોન્ટેરી પાર્કમાં આ ઘટના બની છે.ચીની ન્યુ યરની દરમિયાન હજારો લોકો ત્યાં એકઠા થયા હતા. ત્યારે જ આ ફાયરિંગની ઘટના શરૂ થઈ. કેટલાક અહેવાલો અનુસાર ઓછામાં ઓછા ૧૦ લોકોનાં મોત થયાં છે અને ૧૬ લોકો ઘાયલ થયા છે. જોકે પોલીસે આ અંગે હજુ સુધી કોઈ માહિતી આપી નથી. જો કે રંગભેદના કારણે આ ફાયરિંગ થયું હોવાનું પ્રાથમિક અનુમાન છે. અમેરિકન મીડિયાએ સૂત્રાના હવાલે કહ્યું છે કે, મોન્ટેરી પાર્કમાં ચીની નવા વર્ષ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. અમેરિકન સમય અનુસાર રાત્રે લગભગ ૧૦ વાગ્યે ધડાધડ ફાયરિંગ થયું. આ દરમિયાન મોટી સંખ્યામાં લોકો હાજર હતા.

ઉલ્લેખનીય છે કે, બે દિવસનો ફેસ્ટિવલ ચાલી રહ્યો હતો. પોલીસના અનુસાર, , ઘટના સમયે હજારો લોકો હાજર હતા. મોન્ટેરી પાર્ક એ લોસ એન્જલસ કાઉન્ટીમાં આવેલું એક શહેર છે, જે ડાઉનટાઉન લોસ એન્જલસથી આશરે ૭ માઈલ (૧૧ કિમી) દૂર છે.જણાવી દઈએ કે આ પહેલા સોમવારે પણ કેલિફોર્નિયાના ગોશેનમાં એક ઘરમાં ગોળીબાર થયો હતો. જેમાં ૧૭ વર્ષની માતા અને છ મહિનાના બાળક સહિત છ લોકોના મોત થયા હતા. પોલીસે તેને ટાર્ગેટ કિલિંગ ગણાવી છે. તુલારે કાઉન્ટી શેરિફ માઈક બૌડ્રેક્સે જણાવ્યું હતું કે હાર્વેસ્ટ રોડના ૬૮૦૦ બ્લોકમાં છ લોકોને ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તે હિંસા નહોતી, પરંતુ ટાર્ગેટ કિલિંગ હતું ગયા વર્ષે નવેમ્બર ૨૦૨૨ માં, યુએસએના ફિલાડેલ્ફિયા, પેન્સિલવેનિયામાં અંધાધૂધ ગોળીબારમાં ૧૦ લોકો માર્યા ગયા હતા. લોકોએ આ ઘટનાનો વીડિયો અને તસવીરો પણ સોશિયલ મીડિયા પર શેર કરી હતી. આ પહેલા અમેરિકાના નોર્થ કેરોલિનામાં ગોળીબારની ઘટનામાં ૬ લોકોના મોત થયા હતા. જ્યારે અનેક લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. મૃતકોમાં એક ઑફ ડ્યુટી પોલીસ અધિકારી પણ છે.

# સૌથી મોંઘી સેન્ડવીચની કિંમત ૧૭ હજાર રૂપિયા



નવી દિલ્હી,
બાળકો હોય કે વડીલો, સેન્ડવીચ એક એવી વાનગી છે જે દરેક ઉંમરના લોકો ખાવાનું પસંદ કરે છે. બ્રેડ વચ્ચે શાકભાજી કે મીટ રોસ્ટ કરીને પછી ક્રિસ્પી સેન્ડવીચ ખાવાથી અદ્ભુત અનુભવ થાય છે. સામાન્ય રીતે રસ્તાના કિનારે મળતી સેન્ડવીચની કિંમત એટલી ઓછી હોય છે કે સામાન્ય લોકો પણ તેને સરળતાથી ખાઈ શકે છે. બીજી તરફ, મોટી રેસ્ટોરન્ટ વગેરેમાં મળતી સેન્ડવીચ થોડી મોંઘી છે. પરંતુ અમેરિકાના એક શહેરમાં એક એવી સેન્ડવીચ જોવા મળે છે જે એટલી મોંઘી છે કે સામાન્ય માણસ તેને ખરીદવાનું વિચારી પણ શકતો નથી. અમે જે સેન્ડવિચ વિશે વાત કરી રહ્યા છીએ તે વિશ્વની સૌથી મોંઘી સેન્ડવિચ છે. ઓડિટી સેન્ટ્રલ ન્યૂઝ વેબસાઈટના રિપોર્ટ અનુસાર ન્યૂયોર્કની સેરેન્ડિપિટી ૩ રેસ્ટોરન્ટમાં મળેલી સેન્ડવિચ દુનિયાની સૌથી મોંઘી સેન્ડવિચ છે. તેને ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાંથી આ ખિતાબ મળ્યો છે. આશ્ચર્યજનક રીતે, સેરેન્ડિપિટી ૩ રેસ્ટોરન્ટમાં સૌથી મોંઘી મીઠાઈ, સૌથી મોંઘુ હેમબર્ગર, સૌથી મોંઘુ હોટ ડોગ અને સૌથી મોટી વેડિંગ કેકનો રેકોર્ડ પણ છે. અમે જે સેન્ડવિચ વિશે વાત કરી રહ્યા છીએ તેનું નામ છે ક્વિન્ટેસેન્શિયલ ગ્રીલ્ડ ચીઝ સેન્ડવિચ. તેમાં પડતી વસ્તુઓ ઘણી મોંઘી અને મેળવવી મુશ્કેલ છે. તમને જણાવી દઈએ કે આ સેન્ડવિચની કિંમત ૧૭ હજાર રૂપિયા છે. તે ફ્રેન્ચ પુલમેન શેમ્પેઈન બ્રેડના બે ટુકડાનો ઉપયોગ કરે છે, જે ડોમ પેરીગ્નન શેમ્પેઈન અને ખાદ્ય સોનાના ટુકડા સાથે બનાવવામાં આવે છે. તે સફેદ ટ્રફલ માખણ સાથે ફેલાય છે અને બ્રેડ વચ્ચે કેસિઓકાવાલો પોડોલીકો ચીઝ ફેલાયેલુ છે.

# ભારત-પાકિસ્તાનના મહામુકાબલા માટે મંચ તૈયાર

મુંબઈ,
ભારત અને પાકિસ્તાન વચ્ચે ફરી એક વાર હાઈ વોલ્ટેજ મેચ જોવા મળી શકે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે સીમાના વિવાજના કારણે લાંબા સમયથી કોઈ ક્રિકેટ સિરીઝ નથી રમાઈ. બંને ટીમો માત્ર આઈસીસીના ટૂર્નામેન્ટ અને એશિયા કપમાં જ સામસામે જોવા મળે છે. એવામાં ચાહકોને આ બંને દેશો વચ્ચે રમાતા એક-એક મેચની ખૂબ જ રાહ રહે છે. આ બંને ટીમો આ વર્ષે એશિયા કપમાં અને વન ડે વર્લ્ડ કપમાં એકબીજા સામે રમશે. એ બાદ આ ટીમો વચ્ચે ક્યાં ટક્કર થશે તેના પર એક મોટી અપડેટ આવી છે.

૨૦૨૪ના ટી ૨૦ વર્લ્ડ કપ આવતા વર્ષે વેસ્ટઈંડિઝ અને અમેરિકાની સંયુક્ત યજમાનીમાં રમાવાનો છે. આ ટૂર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાનનો મુકાબલો ચાહકોને જોવા મળશે. અમેરિકાના ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ અતુલ રાયે આ મેચ મામલે દાવો કર્યો છે કે, ભારત-પાકિસ્તાનનો મેચ વેસ્ટ ઈન્ડિઝમાં નહીં પણ અમેરિકામાં રમવામાં આવશે. તમને જણાવી દઈએ કે બંને ટીમો વચ્ચે છેલ્લો મેચ ઓક્ટોબર ૨૦૨૨માં ટી૨૦ વર્લ્ડ કપમાં રમાયો હતો.

રિપોર્ટ પ્રમાણે અમેરિકાના ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ અતુલ રાયે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, ફ્લોરિડામાં ભારત-વેસ્ટઈન્ડિઝ મુકાબલાને સ્થાનિક ચાહકો તરફથી સારો પ્રતિભાવ મળ્યો હતો. મેચના તમામ ટિકિટ વેચાઈ ગઈ હતી.

# વરરાજા પૈસા ના ગણી શક્યો તો દુલ્હને લગ્ન કરવા ઈનકાર કર્યો

આગ્રા,
ઉત્તરપ્રદેશના ફર્રુખાબાદ જિલ્લામાં શુક્રવારના રોજ એક ૨૧ વર્ષીય યુવતીએ અંતિમ સમયે પોતાના લગ્ન રદ્દ કરવાનો નિર્ણય લીધો. પ્રાપ્ત જાણકારી અનુસાર, યુવક માનસિક બીમારીનો શિકાર હતો પરંતુ તેના પરિવારના લોકોએ આ વાત છુપાવીને રાખી હતી. લગ્ન સમયે યુવક પૈસા ઘણી નહોતો શક્યો અને તે સમયે હકીકત સામે આવી હતી.

સમગ્ર ઘટનાની વિગતવાર વાત કરવામાં આવે તો લગ્ન સમયે જ્યારે પંડિતજી વિધી કરાવી રહ્યા હતા ત્યારે તેમને વરરાજાના વર્તન પ્રત્યે શંકા ઉભી થઈ હતી. પંડિતને લાગ્યું કે કંઈક તો ગરબડ છે અને તેમણે યુવતીના પરિવારને આ વાતની જાણ કરી હતી. ત્યારપછી સમગ્ર બાબતનો ખુલાસો થઈ શક્યો હતો.

મોહમ્મદાબાદ કોટવાલી વિસ્તારમાં આવેલા દુર્ગાપુર ગામમાં રહેતી યુવતી રીટા સિંહ તરત જ મંડપ પરથી નીચે ઉતરી ગઈ હતી. દુલ્હન આ રીતે નીચે આવી જતા બન્ને પરિવાર વચ્ચે ચર્ચા શરુ થઈ અને બોલાચાલી થઈ ગઈ હતી. વાત આગળ વધી તો પોલીસને પણ બોલાવવાનો વારો આવ્યો હતો. દુલ્હનના પરિવારના લોકોનો દાવો છે કે, લગ્નના દિવસ સુધી તેમને ખબર નહોતી કે વરરાજાની માનસિક સ્થિતિ સારી નથી.કન્યાના ભાઈ મોહિત જણાવે છે કે, લગ્નો વિશ્વાસના આધાર પર થતા હોય છે. જેણે વચ્ચે પડીને લગ્ન નક્કી કરાવ્યા તે અમારા નજીકના સગા છે. અમે તેમના પર વિશ્વાસ રાખ્યો અને યુવકને મળ્યા પણ નહોતા. જ્યારે પંડિતજીએ અમને તેના વર્તન વિશે જાણકારી આપી તો અમે એક પરીક્ષા લેવાનો નિર્ણય લીધો. અમે તેને ૧૦ રુપિયાની ૩૦ નોટ આપી, અને તે ગણી નહોતો શક્યો. આ સ્થિતિ વિશે જાણ્યા પછી અમે લગ્ન રદ્દ કરવાનો નિર્ણય લીધો.જિલ્લા પંચાયતના એક સભ્ય ગુલુ મિશ્રા જણાવે છે કે, યુવતીએ લગ્ન રદ્દ કર્યા તો બન્ને પક્ષો વચ્ચે બોલાચાલી શરુ થઈ ગઈ. વાત પોલીસ સ્ટેશન સુધી પહોંચી અને તેમણે સમાધાનનો પ્રયત્ન કર્યો. પરંતુ દુલ્હન માનવા માટે તૈયાર નહોતી. માટે જાન પાછી વળી હતી. હજી સુધી તો આ બાબતે કોઈ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં નથી આવી.

# ગેટવે ઓફ ઈન્ડિયા પર અનિલ કપૂર અને આદિત્ય રોય કપૂર જોવા મળ્યા



નવીદિલ્હી,
ધ નાઈટ મેનેજરના લોન્ચ માટે ગેટવે ઓફ ઈન્ડિયા પર અનિલ કપૂર અને આદિત્ય રોય કપૂર જોવા મળ્યા છે. અનિલ કપૂર અને આદિત્ય રોય કપૂર વેબ સિરીઝ ધ નાઈટ મેનેજર માટે સાથે આવી રહ્યા છે. આ પહેલા બંને મલંગમાં પણ સાથે કામ કરી ચૂક્યા છે. ફર્સ્ટ-લૂક પોસ્ટર શેર કર્યા પછી, આદિત્ય વેબ સિરીઝના ટ્રેલરની રિલીઝ તારીખ જાહેર કરી હતી જેની રાહ પુરી થઈ છે.

અનિલ કપૂર અને આદિત્ય રોય કપૂર વેબ સિરીઝ ધ નાઈટ મેનેજર માટે સાથે આવી રહ્યા છે. અગાઉ બંને મલંગમાં સાથે કામ કરી ચૂક્યા છે. ફર્સ્ટ-લુક પોસ્ટર શેર કર્યા પછી, આદિત્યએ અપડેટ સાથે એક નવું મોશન પોસ્ટર પણ શેર કર્યું હતું. તેણે એ પણ ખુલાસો કર્યો હતો કે વેબ સિરીઝનું ટ્રેલર ૨૦ જાન્યુઆરીએ એટલે કે આજે રિલીઝ થઈ ગયું છે. જેની રાહ જોવાતી હતી તે આજે પુરી થઈ ગઈ છે. ગેટવે ઓફ ઈન્ડિયા પર અનિલ કપૂર અને આદિત્ય રોય કપૂર જોવા મળ્યા છે.નિર્માતાઓ અને આદિત્યએ ઈન્સ્ટાગ્રામ પર ધ નાઈટ મેનેજરનો મોશન પોસ્ટર વીડિયો રિલીઝ કર્યો છે. પોસ્ટરને શેર કરતાં તેણે કેપ્શન આપ્યું, 'અલગ નામ, એક હેતુ'. નાઈટ મેનેજર ક્યારેય ડ્યુટી બંધ નથી. ટ્રેલર ૨૦ જાન્યુઆરીએ એટલે કે આજે રિલીઝ થયું છે. પોસ્ટરમાં આદિત્ય રોય કપૂર બ્લેક સૂટમાં ડેશિંગ દેખાઈ રહ્યો છે અને ખૂબ જ કડક વલણથી કંઈક જોઈ રહ્યો છે.

# કોહલીએ વન-ડે સીરિઝની છેલ્લી મેચ ન રમીને રણજી ટ્રોફીમાં રમવું જોઈએઃ રવિ શાસ્ત્રી




મુંબઈ,
ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ ૭ વર્ષ સુધી ભારતીય ટીમમાં કોચની ભૂમિકા ભજવી. રવિ શાસ્ત્રી નીડરતાથી પોતાની વાત રાખવા માટે જાણીતા છે. તેમણે હાલમાં જ ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન અને વિસ્ફોટક બેટ્સમેન વિરાટ કોહલીને લઈને એક મોટું નિવેદન આપ્યું છે, જેણે બધાનું ધ્યાન પોતાની તરફ ખેચી લીધું છે. રવિ શાસ્ત્રીએ વિરાટ કોહલીને એક મહત્ત્વની સલાહ આપી છે, વિરાટ કોહલી જો આ સલાહ માને છે તો તે વન-ડે સીરિઝની વચ્ચેથી જ બહાર થઈ શકે છે.

વિરાટ કોહલી આ સમયે ખૂબ જ શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં વિરાટ કોહલીએ વ્હાઈટ બોલ ક્રિકેટમાં ખૂબ શાનદાર પ્રદર્શન કર્યું છે, પરંતુ ટેસ્ટ મેચોમાં તે અત્યારે પણ પોતાનું લય હાંસલ કરી શક્યો નથી. એવામાં પૂર્વ કોચ રવિ શાસ્ત્રીનું માનવું છે કે વિરાટ કોહલીએ વન-ડે સીરિઝની છેલ્લી મેચ ન રમીને રણજી ટ્રોફીમાં રમવું જોઈએ, જેથી તે ફોર્મમાં આવી શકે. ઉલ્લેખનીય છે કે, ભારતીય ટીમે આગામી મહિને ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ટેસ્ટ સીરિઝ રમવાની છે, એટલે રવિ શાસ્ત્રીએ વિરાટ કોહલીને આ સલાહ આપી છે.રવિ શાસ્ત્રીએ વન-ડે સીરિઝની પહેલી મેચ દરમિયાન કમેન્ટ્રી કરતા કહ્યું કે, મને લાગે છે કે વિરાટ કોહલીએ ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ત્રીજી વન-ડે ન રમીને બોર્ડર ગાવસ્કર સીરિઝની તૈયારી માટે રણજી મેચ રમવી જોઈએ.

# ધર્મેન્દ્રના ઘરે હેમા માલિનીની પુત્રીઓ જતી નથી



મુંબઈ,
બોલીવુડના હી મેન નામથી જાણીતા ધર્મેન્દ્રે બે લગ્ન કર્યા છે. ધર્મેન્દ્રના પહેલા લગ્ન પ્રકાશ કૌર સાથે થયા હતાં ત્યારે તેઓ માત્ર ૧૯ વર્ષના હતાં.આ લગ્નથી ધર્મેન્દ્રના ચાર બાળકો થયા જેમાં સની દેઓલ,બોબી દેઓલ,વિજેતા અને અજીતા દેઓલ.ધર્મેન્દ્રે વર્ષ ૧૯૮૦માં બીજા લગ્ન બોલીવુડ અભિનેત્રી હેમા માલિનીથી કર્યા હતાં આ લગ્નથી બે પુત્રીઓ થઈ ઈશા દેઓલ અને અહાના દેઓલ.

ધર્મેન્દ્રની બંન્ને પત્નિઓ અલગ અલગ ઘરોમાં પોતાના બાળકોની સાથે રહે છે .અભિનેત્રી હેમા માલિનીની બાયોગ્રાફી હેમા માલિની બિયોન્ડ ધ ડ્રીમ ગર્લમાં આ વાતનો ઉલ્લેખ કરતા જણાવાયું છે કે તેમના પરિવારના કોઇ પણ સભ્યને ધર્મેન્દ્રની પહેલી પત્નીના ઘરે જવાની મંજુરી ન હતી પરંતુ એકવાર એવું થયું હતું જયારે ઈશા દેઓલે ફકત સની દેઓલને ફોન કર્યો એટલું જ નહીં ધર્મેન્દ્રના ઘરે પણ પહોંચી હતી.

હકીકતમાં એવું થયું હતું કે વર્ષ ૨૦૧૫માં ધર્મેન્દ્રના ભાઈ અજીતની તબીયત ખુબ ખરાબ હતી તે ઈશા અને અહાનાથી ખુબ નજીક હતો આવામાં તેની સ્થિતિની બાબતમાં ઈશાને માહિતી મળી તો તેનાથી રહી શકયું નહીં અને તેણે પોતાના સાવકા ભાઈ સની દેઓલને ફોન કર્યો અને તેમને કહ્યું કે તે અજીત દેઓલને મળવા ઈચ્છે છે.કહેવાય છે કે સની દેઓલે ખુદ ઈશાને પોતાના ઘરે લઈ આવ્યો અને અજીતની મુલાકાત ઈશાથી કરાવી હતી.આ પહેલો પ્રસંગ હતો જયારે ઈશા દેઓલ ધર્મેન્દ્રની પહેલી પત્ની પ્રકાશ કૌરથી મળ્યા.પ્રકાશ કૌરે ઈશાને આશીર્વાદ આપ્યા હતાં.

એક મુલાકાતમાં હેમા માલિનીએ એ વાતનો ખુલાસો પણ કર્યો હતો કે ધર્મેન્દ્ર ખુબ રૂઢિવાદી વિચારોના છે અને તે અહાના અને ઈશાને ડાંસ પણ શિખડાવવા પણ ઈચ્છતા ન હતાં ધર્મેન્દ્ર હેમાથી કહેતા હતાં કે તેમની પુત્રીઓ ફિલ્મી દુનિયામાં જાય જાય નહીં પરંતુ હેમા માની નહીં અને તેમણે પોતાની પુત્રીઓને ડાંસ પણ શિખડાવ્યો અને ઈશાએ તો ફિલ્મોમાં પણ કામ કર્યું છે.

# રાજકોટ પોલીસનું શહેરની હોટલોમાં દરોડા પાડી ચેકિંગ

## જુદી-જુદી ટીમ દ્વારા ૩૫થી હોટેલોમાં ત્રાટકી તપાસ કરાઈ : સીપીએ પણ બંધ કવરમાં લીસ્ટ આપ્યું







તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ :
રાજકોટ પોલીસ દ્વારા આજે શહેરની જુદી-જુદી હોટેલોમાં દરોડા પાડી તપાસ હાથ ધરવામાં આવી હતી. આમ તો આ કાર્યવાહી સામાન્ય હતી પણ અહીં અલગ એ વાત હતી કે કોઈપણ અધિકારી કે કર્મચારીઓને ખબર ન હતી કે તેને ક્યાં જવાનું છે. એટલે કે ઈક્મટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા જે રીતે દરોડા પાડવામાં આવતા હોય છે તે જ રીતે રાજકોટ પોલીસ ત્રાટકી હતી.રાજકોટ શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આજે સવારના સમયે ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશનના ડી સ્ટાફ ટીમ બોલાવી અલગ અલગ ૩૫ ટીમને એક સાથે બંધકવર આપવામાં આવ્યા છે. આ બંધ કવરની અંદર તમામ ટીમને એક એક હોટેલના નામ આપવામાં આવ્યા છે જ્યાં જઈ પોલીસ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

ખાસ કરી આગામી ૨૬ જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વને ધ્યાનમાં રાખી તેમજ સાથે મિલકત સબંધી ગુનાઓ અટકાવવા અને કોઈ ટેરેરિઝમ એક્ટિવિટી સાથે સંકળાયેલ વ્યક્તિ હોટેલમાં રોકાયેલ નથી તે અંગે તપાસ હાથ ધરવામાં આવી રહ્યું છે. સાથે જ હોટેલમાં રજિસ્ટ્રાર, સીસીટીવી તેમજ હોટેલના રૂમ ચેક કરવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેરમાં ૮૦ જેટલી હોટેલો આવેલી છે અગાઉ અનેક ગૂનામાં ગુનેગારો હોટલની અંદર રોકાયા હોવાનું સામે આવ્યું હતું ત્યારે એક સાથે તમામ હોટલો ચેક કરી શકાય તે માટે પોલીસ કમિશનર દ્વારા સૂચના આપવામાં આવી હતી અને એ અંતર્ગત ચેકીંગ હાથ ધરવામાં આવ્યું.

### ૩૫ ટીમ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આજે સવારના સમયે ક્રાઈમ બ્રાન્ચ સ્થાનિક પોલીસ સ્ટેશનના ડી સ્ટાફ ટીમ બોલાવી અલગ અલગ ૩૫ ટીમને એક સાથે બંધકવર આપવામાં આવ્યા છે. આ બંધ કવરની અંદર તમામ ટીમને એક એક હોટેલના નામ આપવામાં આવ્યા છે જ્યાં જઈ પોલીસ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

# રાજકોટ જીલ્લામાં શાળાનો સમય સવારે ૮ વાગ્યાં પછી રાખવાની મુદતમાં સપ્તાંહનો વધારો

રાજકોટ,
છેલ્લા કેટલાક દિવસથી ઠંડીમાં વધારો જોવા મળી રહ્યો છે. ગત સપ્તારહે ઠંડીનો આકરો ડોઝ આવતા લોકો ઠુઠવાઈ ગયા હતા અને જનજીવન ઉપર તેની અસર પડી હતી. શાળાનો સમયમાં ફેરફાર કરવામાં આવ્યોં હતો.

રાજકોટ જીલ્લા શિક્ષણાધિકારી શ્રી કૈલાએ જણાવ્યુછ હતું કે, રાજકોટમાં ઠંડીનો ચમકારો યથાવત રહેતા શાળાનો સમય સવારે ૮ વાગ્યાશ પછી કરવાનો પરિપત્ર કરેલ. જેની આજે તા.૨૧ના મુદત પૂર્ણ થતી હોય ઠંડી યથાવત હોય શાળાનો સમય સવારે ૮ વાગ્યાશ બાદ શરૂ કરવાની મુદત તા.૨૭ જાન્યુઆરી સુધી લંબાવવામાં આવી છે.

# બાલાજી હોલ પાસેથી લગ્નની લાલચે પરપ્રાંતીય સગીરાનું અપહરણ

## બાંધકામ સાઈટ પર સાથે જ કામ કરતો પ્રકાશ ડાવરા લલચાવિ ફોસલાવિ સગીરાને ભગાડી ગયો : પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટતા.૨૧
બાલાજી હોલ પાછળ ચાલતી બાંધકામ સાઈટ પરથી લગ્નની લાલચ આપી પરપ્રાંતીય સગીરાને પ્રકાશ ડાવરા નામનો શખ્સ ભગાડી જતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.પ્રાપ્ત વિગતો અનુસાર, બાલાજી હોલ પાછળ ધોળકીયા સ્કૂલ વાળા વિસ્તારમાં ચાલતી બાંધકામ સાઈટ પર કામ કરતા પરપ્રાંતીય પરીવારની સગીર પુત્રી થોડા દિવસ પહેલા ગુમ થઈ હતી.જે અંગે આસપાસ વિસ્તારમાં અને વતનમાં તપાસ કરતાં તે મળેલ ન હતી. જે બાદ જાણ મળેલ હતી કે, બાંધકામ સાઈટ પર સાથે કામ કરતો પ્રકાશ બાલુ ડાવરા (મુળ રહે. ખારી, મધ્યપ્રદેશ) લલચાવી, હોસલાવી લગ્નની લાલચ આપી ભગાડી ગયાનું જાણવા મળેલ હતું.

તે અંગે આરોપી પ્રકાશ વિરુધ્ધ સગીરાના પરીવારે તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. બનાવની ફરીયાદ પરથી તાલુકા પોલીસ મથકના સ્ટાફે આરોપી વિરુધ્ધ અપહરણનો ગુનો નોંધી શોધખોળ આદરી હતી.

# રાજકોટની યુવતીને લગ્નની લાલચ આપી અમદાવાદ લઈ જઈ આચર્યું દૂષ્કર્મ

રાજકોટ :
યુવતીઓને પ્રેમજાળ અને લગ્ન કરવાની લાલચ આપી તેનું શારીરિક શોષણ કરવાના કિસ્સા સતત વધી રહ્યા છે ત્યારે આવો જ વધુ એક કિસ્સો પોલીસ દફતરે નોંધાયો છે, રાજકોટની યુવતીને જૂનાગઢના અજોઠા ગામના શખ્સે પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અમદાવાદની હોટેલ અને ફ્લેટમાં લઈ જઈ અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

મળતી માહિતી મુજબ, શહેરમાં રહેતી ૩૨ વર્ષની યુવતીએ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જૂનાગઢના અજોઠા ગામના જયદીપ દેવશી પંપાણિયાનું નામ આપ્યું હતું. યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે રાજકોટમાં રહે છે અને જયદીપ પંપાણિયા સાથે પરિચય થયા બાદ તેણે પ્રેમનું નાટક કર્યું હતું અને ગત તા.૪ ડિસેમ્બરના રોજ અમદાવાદ હોટેલમાં લઈ જઈ બળજબરીથી શરીર સંબંધ બાંધ્યા હતા, યુવતીએ પ્રતિકાર કરતાં જયદીપે લગ્ન કરવાનો જ છે તેવી વાતો કરી યુવતીને જાળમાં ફસાવી હતી, ત્યારબાદ પણ લગ્ન કરવાની વાત આગળ ધરી યુવતીને ફ્લેટમાં લઈ જઈ અનેક વખત શારીરિક શોષણ કર્યું હતું. યુવતીએ લગ્ન કરવાની વાત કરતાં જયદીપે સંપર્ક તોડી નાખ્યો હતો અને લગ્ન કરવાનો ઈક્રાર કરી હાથ ઊંચા કરી દીધા હતા.

# રાજકોટ યાર્ડમાં નવા ઘઉંની આવક શરૂ : મુહુર્તમાં મણના રૂ. ૧૩૭૫ના ભાવે સોદા

## પડધરીના વિસામણ ગામના ખેડુતને હરરાજીમાં નવા ઘઉંના મુહુર્તમાં ઉંચા ભાવ મળ્યા



રાજકોટ,
રાજકોટ માર્કેટ યાર્ડમાં આજે નવા ઘઉંની આવકનો પ્રારંભ થયો હતો. મુહુર્તના સોદામાં ખેડુતને ૧૩૭૫ રૂપીયાના ઉંચા ભાવ અપાયા હતા.

રાજકોટ યાર્ડમાં આજે નવા ઘઉંની ૩૦ મણની આવક થઈ હતી. નવા ઘઉં પ્રથમવાર લાવનાર પડધરીના વિસામણ ગામના ખેડુત મોહનભાઈ ડાયાભાઈને કમીશન એજન્ટ બાલાજી ટ્રેડીંગ મારફત ઘઉં ખરીદનાર જય અંબે ટ્રેડીંગ દ્વારા મુહુર્તના સોદામાં એક મણના૧૩૭૫ રૂપીયા લેખે ભાવ અપાયા હતા. આગામી દિવસોમાં હવે ધીમે ધીમે નવા ઘઉંની આવકો શરૂ થશે.માર્કેટ યાર્ડમાં આજે જુના ઘઉં લોકવનની ૧૫૦ કવીન્ટલની આવક હતી. એક મણના ભાવ ૫૦૮ થી ૫૬૮ રૂપીયા હતા. જયારે ઘઉં ટુકડા એક મણના ભાવ ૫૧૬ થી ૬૦૨ રૂપીયા હતા. વેપારી સુત્રોના જણાવ્યા મુજબ ચાલુ વર્ષે ઘઉંના ભાવ ગત વર્ષ કરતા ૧૦૦ થી ૨૦૦ રૂપીયા ઉંચા રહેશે. ગત વર્ષે ઘઉં ૧ મણના ૩૫૦ થી ૫૫૦ રહયા હતા. ચાલુ વર્ષે ૫૦૦ થી ૬૭૫ રૂપીયા ભાવ રહે તેવી શકયતા છે. હાજરમાં સ્ટોકના અભાવે ઘઉંના ભાવ વધી રહયા છે.ચાલુ વર્ષે રશીયા અને યુક્રેનના યુધ્ધના કારણે છેલ્લા બે માસથી ઘઉંના ભાવ સતત વધી રહયા છે. સરકારે ઘઉંની એક્ષપોર્ટ પર મનાઈ કરી દેતા ભાવ હાલમાં સ્થિર છે. નવી સીઝનમાં ઘઉંના ભાવ ઉંચા રહેશે.

# રાજકોટ મનપાના બુલડોઝરની ઈસ્ટા ઝોનના વિસ્તાકરોમાં ધણધણાટી : ૧૮માં ગેરકાયદે બાંધકામો દૂર કરાયા

## વોર્ડ નં. ૪ અટીકા, સ્વા તી પાર્ક, જુના મોરબી રોડ પરની રૂ. ૬.૬૫ કરોડની જમીન ખુલ્લી કરાવી




તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,
રાજકોટ મનપા દ્વારા સરકારી જમીનો ઉપર ખડકાયેલ ગેરકાયદે મકાનો, ઝુપડી, ઓરડીઓ હટાવી જમીન ખુલ્લી કરવાની ઝુંબેશના ભાગરૂપે આજે ટાઉન પ્લાગનીંગ શાખા દ્વારા શહેરના ઈસ્ટા ઝોનના વિવિધ વિસ્તા રો અટીકા ફાટક પાસે સ્વાઝતી પાર્ક રોડ, લીક્ષ્ત પાપડની બાજુમાં તથા મોરબી રોડ ખાતે ડીમોલેશન હાથ ધરાયેલ.

આ ડીમોલેશન અંતર્ગત એક દુકાન તથા વાયર ફેન્સીં ગ, ૩ ઓરડીઓ, કમ્પાલઉન્ડે વોલ તથા નવા બાંધકામના પાયાનો કડુસલો બોલાવી ૧૫૪૬.૦૦ ચો.મી.ની રૂા. ૬.૬૫ કરોડની જમીન ખુલ્લી કરાઈ હતી.

મનપાની સત્તાવાર યાદી મુજબ કમિશ્નર અમિત અરોરાના આદેશ અનુસાર તથા ટાઉન પ્લાૂનીંગ ઓફિસર એમ. ડી. સાગઠીયાના માર્ગદર્શન હેઠળ આજે પૂર્વ ઝોન વોર્ડ નં.૪ અને ૧૮ માં થયેલ અન-અધિકૃત દબાણો દુર કરેલ છે.અને અંદાજીત ૧૫૪૬.૦૦ચો.મી.ની જમીન ખુલ્લી કરાવેલ છે.

જેમાં વોર્ડ નં.૧૮ માં અટીકા ફાટકની સામે, કૈલાશપતી ઈન્ડુસ્ટ્રીયલ વિસ્તીરમાં આવેલ રાજકોટ ટી.પી.સ્કીક્મ નં.૧૦, અંતિમખંડ નં.૮૩, નાં અનામત પ્લોનટમાંથી ૧ દુકાન તથા વાયર ફેન્સીંગ દુર કરી ૭૩૬.૦૦ ચો.મી. જમીન રૂા. ૩.૬૮ કરોડ, વોર્ડ નં.૧૮ માં સ્વા તી પાર્ક રોડ, ખોડલધામ-૪ ની સામેઆવેલ રાજકોટ ટી.પી.સ્કીનમ નં.૧૨ (કોઠારીયા), અંતિમખંડ નં.૩૪/એ, નાં અનામત પ્લોવટમાંથી ૩ ઓરડીની ૪૬૦.૦૦ ચો.મી. જમીન રૂા. ૨.૦૭ કરોડ તેમજ વોર્ડ નં.૧૮ માં નેશનલ હાઈવે, લિક્ષ્ત પાપડની બાજુમાંઆવેલ રાજકોટ ટી.પી.સ્કીનમ નં.૧૨ (કોઠારીયા), ૨૦.૦૦ મીટર ટી.પી.રોડ ઉપર ખડકાયેલ કમ્પાુઉન્ડો વોલ ૨૦૦ ચો.મી. તથા વોર્ડ નં.૪ માં આવેલ જુના મોરબી પર શ્રી પાર્કની બાજુમાં, ટી.પી.સ્કીયમ નં.૧૩ (રાજકોટ), એફ.પી.સી/૩, અનામત હેતુનાં પ્લો ટમાં થયેલ નવા બાંધકામના પાયા ખોદેલ છે જે દૂર કરી ૧૫૦ ચો.મી. જમીન ૯૦ લાખની ખુલ્લી કરાયેલ. જેમાં ૧૫૪૬.૦૦ ચો.મી. જમીન જેની અંદાજીત કિંમત ૬.૬૫ કરોડ છે તેના પરથી દબાણ હટાવાયેલ છે.

આ ડિમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખા (ઈસ્ટત ઝોન)ના તમામ સ્ટા.ફ તથા રોશની શાખા, દબાણ હટાવ શાખા, સોલીડ વેસ્ટા મેનેજમેન્ટં શાખા, ફાયર અને ઈમરજન્સીા વિભાગ, બાંધકામ શાખા તથા કાયદો અને વ્યશવસ્થાર જળવાય રહે તે માટે વિજિલન્સજ શાખાનો સ્ટાફ સ્થથળ પર હાજર રહેલ.

# ખોડલધામ : રાજકોટની ભાગોળે પ્રકલ્પો માટે રૂા.૨૫ કરોડનું દાન જાહેર

## અમરેલી ગામમાં ૫૦ એકર જમીનમાં શિક્ષણ અને આરોગ્ય સંકુલ બનાવવા ખોડલધામના ચેરમેન નરેશ પટેલ તથા કોરગ્રૂપ દ્વારા દાનની જાહેરાત, સ્ટેચ્યુ ઓફ યુનિટી, અમદાવાદ, સુરત, પાટણ અને બેટદ્વારકામાં પણ બનશે અતિથિ ભવનઃ કન્વીનર મીટમાં જાહેરાત




તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ તા ૨૧
ખોડલધામ મંદિરના આજે સાતમાં પાટોત્સવ પ્રસંગે કાગવડ ખાતે યોજાયેલ ઓલ ઈન્ડીયા ક્ધવીનર અને સ્વયંસેવક મીટમાં રાજકોટની ભાગોળે કાલાવડ રોડ ઉપર આવેલ અમરેલી ગામમાં ૫૦ એકટ જમીનમાં આરોગ્ય અને શૈક્ષણિક પ્રકલ્પો બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી અને આ પ્રકલ્પો માટે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ તથા કોરગ્રૂપ દ્વારા રૂા.૨૫ કરોડનું દાન આપવાની જાહેરાત કરવામાં આવી હતી.આ ઉપરાંત સ્ટેચ્યુઓફ યુનિટી ખાતે પણ ખોડલધામ ટ્રસ્ટ દ્વારા અતિથિ ભવન બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. સાથો સાથ ખોડલધામ ટ્રસ્ટની સ્થાપના દસ વર્ષ પૂરા થાય ત્યારે તા.૨૧ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ લાખો પાટીદારોની હાજરીમાં દશાબ્દી મહોત્સવ યોજવાની પણ જાહેરાત કરાતા ઉપસ્થિત હજારો લોકોએ આ જાહેરાતને ભાળીઓના ગળગળાટથી વધાવી લીધી હતી.

આ ઉપરાંત ભવિષ્યમાં અમદાવાદ, સુરત, પાટણ અને બેટદ્વારકા ખાતે પણ સંકુલો બનાવવાની આજના કાર્યક્રમમાં જાહેરાત કરવામાં આવી હતી.આ ક્ધવીનર નીટ પૂર્વે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ખોડલધામ મંદિરે ધ્વજારોહણ કરવામાં આવ્યુ હતું. મુખ્યમંત્રીએ માં ખોડલના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.ક્ધવીનરનીટને સંબોધતા ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખોડલધામ એક વિચાર છે. આ વિચારને આપણે રાષ્ટ્ર કલ્યાણ સુધી પહોંચાડવાનો છે. ત્યારે તેમા તુરતી કડીઓ પૂરી કરવાની છે. તુટતી કડીઓની અહીં વાતો કરવામાં આવી છે. આજે જયારે ૭માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. ત્યારે આ ખોડલધામ પરિશસરની અંદર બેસેલાને બધાને ખબર છે કે ૧૫ વર્ષ પહેલા અહીંયા મોટા પાણા હતા. સહીયારા પ્રયાસથી એક રાષ્ટ્રને અર્પણ કરેલું પરિસર છે.

ગુજરાત સરકારનો આભાર માનતા જણાવ્યું કે, જયારે મુખ્યમંત્રી પદે આનંદીબેન પટેલ હતા. ત્યારે તેમણે આ શક્તિવન પરિસરની ભેટ આપી છે. તેમજ પાણીની લાઈનની વ્યવસ્થા પણ આનંદી બહેન કરતા ગયા હતા. તેમજ રાજકોટના અમરેલીમાં માંરૂ સંકુલ તૈયાર કરવા જઈ રહ્યાં છે. ત્યારે તેમાં એક યુવન હતો તે અંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી હતી.આજે ટ્રસ્ટી મંડળે જણાવ્યું કે આગામી બે વર્ષ સુધી ખોડલધામમાં નાના-મોટા કાર્યક્રમો કરીએ. પછી ૧૦માં વર્ષમાં ભવ્ય દશાબ્દી મહોત્સવ ઉજવીએ આ દશાબ્દી મહોત્સવ કેવો હોવો જોઈએ, ત્યાં સુધીમાં કેટલા પ્રકલ્પો પૂર્ણ કરવાના છે તેની ચર્ચામાં લાગી જશે. તેમજ આગામી તા.૨૧-૭-૨૦૨૭ના રોજ ભવ્ય દશાબ્દી મહોત્સવની ઉવજવી કરીશું.રાજકોટના અમરેલી ગામમાં ૫૦ એકટ જગ્યા ખોડલધામે ખરીદી છે અને તેમા શિક્ષણ અને આરોગ્યના મોટા ભવનો બનાવવાની તૈયારી થઈ ચૂકી છે અને આગામી દિવસોમાં તેનું ખાતમુહૂર્ત કરવાના છે.

આજ રીતે ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં આજ મોડેલ ઉપર ખોડલધામ ટ્રસ્ટ ડેવલપમેન્ટ કરવા જઈ રહ્યું છે. સરદાર સાહેબના ચરણોમાં એટલે કે સ્ટેચ્યુ ઓફ યુનિટિમાં ખોડલધામ ટ્રસ્ટે જમીન ખરીદી લીધી છે. આવતા પાંચ પ્રકલપો જલ્દી પૂરા થાય તે માટે માં ખોડલને પ્રાર્થના કરીએ.વધુમાં તેમણે જણાવ્યું હતું કે ખોડલધામને નવા ૪૦થી વધુ ટ્રસ્ટી મળ્યા તેનું સન્માન કર્યુ છે. નવા ટ્રસ્ટીનું સ્વાગત કરૂ છું સાતમાં વર્ષમાં મંગળ પ્રવેશ સમયે માં ખોડલ અને દેવાના દેવ મહાદેવને પ્રાર્થન કરીએ કે સમગ્ર ગુજરાતના દરેક નગરજનો ખુશ રહે, સ્વસ્થ રહે, આનંદમાં રહે.

# B20 ઈન્ડિયા 2023 ઈન્સેપ્શન મીટિંગ



*"ઝડપી, સ્થિર અને સર્વસમાવેશક આર્થિક વૃદ્ધિ માટે વિશ્વ આજે ભારત તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે"*

**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન, ભારત

**"ભારતના સૌથી વાઈબ્રન્ટ રાજ્યમાં B20 India ના પ્રતિનિધિ મંડળનું ઉષ્માભર્યું સ્વાગત છે"**



**શ્રી ભૂપેન્દ્ર પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

*પ્રેરક ઉપસ્થિતિ*

**શ્રી પીયૂષ ગોયલ**
માનનીય કેન્દ્રીય વાણિજ્ય અને ઉધોગ, ગ્રાહક બાબતો, ખાધ અને જાહેર વિતરણ અને કાપડ મંત્રી

**શ્રી અશ્વિની વૈષ્ણવ**
માનનીય કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, કમ્યૂનિકેશન્સ અને રેલવે મંત્રી

**શ્રી અમિતાભ કાન્ત**
ભારતના G20 શેરપા

23મી જાન્યુઆરી, 2023 | મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત

- મુખ્ય મુદ્દાઓ પર ચર્ચાઓ
- થિમેટિક સેશન્સ
- 500+ પ્રતિનિધિઓ

**G20 ઈન્ડિયા ઉજવણીમાં જોડાવવાની સુવર્ણ તક.**
G20 ઈન્ડિયા સોશિયલ મીડિયા પેજ અને ગુજરાત માહિતી વિભાગની વેબસાઈટ પર તમારી પ્રતિભાને રજૂ કરવાની તક મેળવો.
નીચેનામાંથી કોઈ એક અથવા દરેકમાં ભાગ લો:

- **G20 ઈન્ડિયા લોગો સાથે સેલ્ફી**
- **રંગોળી સ્પર્ધા**
- **કવિતા/નિબંધ સ્પર્ધા**

***તમારી એન્ટ્રી 23મી જાન્યુઆરી, 2023 સુધીમાં g20gujaratmedia@gmail.com પર સબમિટ કરો.***

**B20 ભારત 2023ના સદસ્યગણ**

Argentina, Australia, Brazil, Canada, China, European Union, France, Germany, India, Indonesia, Italy, Japan, Mexico, Republic of Korea, Russia, Saudi Arabia, South Africa, Türkiye, United Kingdom, United States

g20gujarat g20_gujarat